RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 14 Issue : 231 Dt. 13-12-2024 Page : 08 Price : Rs 3

Editor : **PRATIPALSINH NARENDRASINH JADEJA,** Publisher, Printer & Owner : **YASHPALSINH JAYCHANDRASINH JADEJA**
Place of Publication : **201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT**




# પ્રાઈડ-વનવર્લ્ડ ગ્રુપ પર તવાઈ
## GST ઈન્ટેલિજન્સ બાદ DGGIની એન્ટ્રી

**કરોડોની કરચોરી પકડાય તેવી સંભાવના : સંયુક્ત ઓપરેશનમાં કુલ ૬ જગ્યા પર દરોડા ચાલુ**

**આઈકોનિક વર્લ્ડ, કોર્પોરેટ વર્લ્ડ, પીપળીયા એમ્પાયર, મધુવન વિલા, મંગલમ સહિતની ઓફિસ અને પ્રોજેક્ટ સાઈટ પર તપાસનો ધમધમાટ**

રાજકોટ, તા. ૧૨

છેલ્લા ઘણા સમયથી સમગ્ર રાજ્યમાં સ્ટેટ જીએસટી અને સેન્ટ્રલ જીએસટી દ્વારા વિવિધ પેઢીઓ પર નરોડા પાડવામાં આવી રહ્યા છે અને ખૂબ મોટા પ્રમાણમાં કરચોરી અને જીએસટી ચોરી પણ પકડાઈ રહી છે આ વાતની ગંભીરતાને ધ્યાને લઈને હાલ ઘણા ખરા વેપારી વર્તુળોમાં ભારે દર વ્યાપી ઊઠ્યો છે. તમામ પ્રક્રિયા જોતા ગઈકાલે રાજકોટમાં છ સ્થળો ઉપર જીએસટી વિભાગ દ્વારા દરોડા પાડવામાં આવ્યા હતા. જેમાં પ્રાઈડ ગ્રુપની સાથે આઈકોનિક વર્લ્ડ, કોર્પોરેટ વર્લ્ડ, પીપળીયા એમ્પાયર, મધુવન વિલા, મંગલમ પર સેન્ટ્રલ જીએસટીની ટીમ ત્રાટકી હતી. મળતી માહિતી મુજબ ખૂબ મોટા પ્રમાણમાં જીએસટી ચોરી સામે આવવાની શક્યતા હાલ વિભાગ દ્વારા વ્યક્ત કરવામાં આવી રહી છે એટલું જ નહીં તપાસની શરૂઆત માં જ વિભાગે તમામ ડિજિટલ ડેટા હસ્તગત કર્યા છે. હાલ જે બિલ્ડર લોબી ઉપર જીએસટીના દરોડા પડ્યા તેમાં અમદાવાદ જીએસટીની ટીમ જોડાય છે પરંતુ આ તપાસમાં એડિશનલ જોઈન્ટ કમિશનર પણ જોડાયા હોવાથી અનેક તર્ક વિતર્ક થઈ રહ્યા છે. હવે જોવાનું એ રહ્યું કે આ તપાસ ને પૂર્ણ થતા કેટલા દિવસનો સમય લાગશે કારણ કે એક સાથે જે ગ્રુપ ઉપર દરોડા પાડવામાં આવ્યા છે તેને જો ધ્યાને લેવામાં આવે તો એ વાત સ્પષ્ટ છે કે ખૂબ મોટા પ્રમાણમાં જીએસટી ચોરી બહાર આવી શકે છે.

જીએસટી વિભાગના સૂત્રોના અનુસાર તમામ બિલ્ડરો દ્વારા ઇનપુટ ટેક્સ ક્રેડિટ ખોટી રીતે મેળવી લીધી હોવાની વાત સામે આવી હતી જે અંગે તપાસ હાથ ધરાતા વાત સાચી સાબિત થઈ અને જીએસટી વિભાગ એ આ મોટું ઓપરેશન હોવાના કારણે અમદાવાદ વિભાગનો સાથ સહકાર લીધો હતો અને ઓપરેશન પાર પાડ્યું હતું. રાજકોટમાં અચાનક જીએસટી ના એક સાથે છ જગ્યા પર દરોડા ઘણા ખરા પ્રશ્નો ઉભા કરી દે છે ત્યારે જોવાનું એ રહ્યું કે ગઈકાલે જે દરોડા પડ્યા તેમાં શું બહાર આવે છે.




### મોટી કરચોરી પકડાશે તો આવકવેરા વિભાગ પણ તપાસમાં ઝંપલાવે તેવી ચર્ચા

સેન્ટ્રલ જીએસટી ના સૂત્રોના જણાવ્યા અનુસાર જો મોટા પ્રમાણમાં કરચોરી પકડાશે તો આવકવેરા વિભાગ તપાસમાં ઝંપલાવે તેમાં કોઈ શંકાને સ્થાન નથી. હાલ મહત્વનું એ છે કે જે અપેક્ષા જીએસસી વિભાગ દ્વારા રાખવામાં આવેલી છે તે મુજબનું ઓપરેશન પાર પડે છે કે કેમ તે તો આવનારો સમય જણાવશે પરંતુ ગઈકાલે જે બરોડા પડ્યા તેનાથી બિલ્ડર લોબીમાં ફફડાટ મચી ગયો છે. છેલ્લા ઘણા સમયથી જીએસટી વિભાગ આ તમામ બિલ્ડરો તથા પેઢી ધારકો ઉપર રેકી કરતું હતું કારણ કે આ તમામ પેઢી ધારકો દ્વારા એનકેન પ્રકારે જીએસટીની ચોરી કરતી હોવાનું માલુમ પડ્યું કારણકે જે ભાવે માલ વેચાવો જોઈએ તેનાથી ઓછી કિંમતના બિલ લેવામાં આવ્યા હતા અને ખોટી રીતે આઈટીસી ક્લેમ કરવામાં આવતી. હતી.

### ડિજિટલ ડેટાનો તાકીદે હાથ ધરાશે અભ્યાસ

ગઈકાલ વહેલી સવારથી જીએસટી વિભાગ દ્વારા દરોડા પાડવામાં આવ્યા પરંતુ તેની સાથોસાથ વિભાગ એ તમામ જરૂરી દસ્તાવેજો તથા ડિજિટલ સામગ્રી હસ્તગત કરી લીધી છે અને એક ખાસ ટીમ તેનું અવલોકન કરે છે મળતી માહિતી મુજબ પ્રાઈઝ ગ્રુપના સંચાલકના નિવાસ્થાને જ્યારે અન્ય ગ્રુપના ઓફિસ અને સાઈટ પર સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું.

### અમદાવાદ DGGIના ટોચના અધિકારીઓ તપાસમાં

જીએસટી વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ હાલ આ રેડ અંગેની બાતમી અમદાવાદ DGGI ને મળી હતી જે બાદ રાજકોટ જીએસટી ઈન્ટેલિજન્સ એટલે કે જીએસટી પ્રિવેન્ટીવ દ્વારા આ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું જેમાં રાજકોટના પ્રિવેન્ટીવના એડિશનલ ડાયરેક્ટર વિક્રમસિંહ પણ તપાસમાં જોડાયા. આ વાત ઉપરથી એ વાત સ્પષ્ટ થાય છે કે આ ઓપરેશનમાં વિભાગ દ્વારા ખૂબ મહેનત કરવામાં આવી છે અને હોમવર્ક કર્યા બાદ આ દરોડા પાડવામાં આવ્યા છે. ત્યારે ખૂબ મોટા પ્રમાણમાં કરોડોની લાઈબિલિટી ઊભી થાય તેવી સંભાવનાઓ વ્યક્ત કરવામાં આવી રહી છે.



# વેરા વસુલાત શાખા જાગી : ૩૧ મિલકતો સીલ

## ૨૯ લાખની રિકવરી સાથે કુલ ૧૨ મિલકતોને આપી જપ્તીની નોટિસ

રાજકોટ, તા. ૧૨

વોર્ડ નં-૧ ૧૫૦ ફિટ રિંગ રોડ નાણાવટી ચોક જસલ કોમર્શિયલ કોમ્પ્લેક્સ ફર્સ્ટ ફ્લોર શોપ નં -૧૫૫ ની સામે સીલ ની કાર્યવાહી કરતાં ડ્રઉઈ ચેક આપેલ. ૧૫૦ ફિટ રિંગ રોડ નાણાવટી ચોક જસલ કોમર્શિયલ કોમ્પ્લેક્સ ફર્સ્ટ ફ્લોર શોપ નં -૧૫૬ ની સામે સીલ ની કાર્યવાહી કરતાં ડ્રઉઈ ચેક આપેલ. ૧૫૦ ફિટ રિંગ રોડ નાણાવટી ચોક જસલ કોમર્શિયલ કોમ્પ્લેક્સ ફર્સ્ટ ફ્લોર શોપ નં -૧૫૭ ની સામે સીલ ની કાર્યવાહી કરતાં ડ્રઉઈ ચેક આપેલ. ૧૫૦ ફિટ રિંગ રોડ નાણાવટી ચોક જસલ કોમર્શિયલ કોમ્પ્લેક્સ ફર્સ્ટ ફ્લોર શોપ નં -૧૫૮ ની સામે સીલ ની કાર્યવાહી કરતાં ડ્રઉઈ ચેક આપેલ.

વોર્ડ નં-૨ રેસકોર્ષ રોડ ગેલેક્સી સિનેમા સામે આર.એમ.સી શોપિંગ સેન્ટરમાં ૧-યુનિટની સામે સીલ ની કાર્યવાહી કરતાં રિકવરી રૂ.૧,૭૦,૦૦૦. રેસકોર્ષ રોડ ગેલેક્સી સિનેમા સામે આર.એમ.સી શોપિંગ સેન્ટરમાં ૧-યુનિટની સામે સીલ ની કાર્યવાહી કરતાં રિકવરી રૂ.૧,૭૬૮,૪૦૦. રેસકોર્ષ રોડ ગેલેક્સી સિનેમા સામે આર.એમ.સી શોપિંગ સેન્ટરમાં ૧-યુનિટની સામે સીલ ની કાર્યવાહી કરતાં રિકવરી રૂ.૨,૦૭ ,૮૪૦ થઈ.

વોર્ડ નં-૩માં લોહાનાપરા મેઇન રોડ પર આવેલ રાધિકા સ્ટીલ એન્ડ પ્લાસ્ટિક હાઉની સામે સીલ ની કાર્યવાહી કરતા રિકવરીરૂ. ૫,૦૦,૦૦૦ ની થઈ. મોચી બજાર કોર્ટ સામે આવેલ ગોકુળ કોમ્પ્લેક્ષ સેકન્ડ ફ્લોર શોપ નં -૧૦ સામે સીલની કાર્યવાહી કરતા રિકવરી રૂ.૫૪,૯૩૦ પરાબજાર મેઇન રોડ પર ૧-યુનીટ ના રૂ.૧૪,૭૦,૨૩૦ ના બાકી માંગણા સામે સીલ કરવામાં આવી. પરાબજાર મેઇન રોડ પર ૧-યુનીટ ના રૂ.૧૧,૭૧,૧૩૦/- ના બાકી માંગણા સામે સીલ મારેલ. ગાયકવાડી જીગ્રેશ શેરી નં-૫ માં આવેલ ૧-યુનિટ ની સામે સીલની કાર્યવાહી કરતાં રિકવરી રૂ.૧,૬૫,૪૧૬ની રિકવરી થઈ. મોચીબજારમાં સિદ્ધિ વિનાયક કોમ્પ્લેક્ષમાં ફર્સ્ટ ફ્લોર પર શોપ નં-૨૦૨ ને સીલ મારેલ.

વોર્ડ નં-૪માં પારેવડી ચોક સિટી સ્ટેશન રોડ પર સદગુરૂનગર લાતી પ્લોટ શેરી નં-૨ માં ટોટલ ૮-યુનિટ સામે નોટીસની કાર્યવાહી કરતાં રિકવરી રૂ.૫,૧૪,૧૬૦ કરતા વસૂલ કર્યા.વોર્ડ નં-૫માં કુવાડવા મેઇન રોડ રણછોડ નગર શેરી નં -૧૩ માં આવેલ ૧- યુનિટની નોટીસ સામે સીલ રિકવરી કરતાં ડ્રઉઈચેક આપવામાં આવ્યો.કુવાડવા મેઇન રોડરણછોડ નગર શેરી નં -૧૦ માં આવેલ રામદૂત કોમ્પ્લેક્ષફર્સ્ટ ફ્લોર શોપ નં -૧૦૭ ના રૂ. ૬૭,૩૬૬ ના બાકી માંગણા સામે સીલની કામગીરી હાથ ધરાઈ .

કુવાડવા મેઇન રોડ નજીક આવેલ રણછોડ વાડી ગુરુદેવ શોપિંગ સેન્ટર -૨ ફર્સ્ટ ફ્લોર શોપ નં -૧૦ ની સામે નોટિસ ની કાર્યવાહી કરતાં રિકવરી રૂ. ૫૯,૦૦૦ થઈ. પેડક રોડ રણછોડ નગર સોસાયટી માં ૧-યુનિટ ના નળ-કનેક્શન કપાત સામે ડ્રઉઈ ચેક આપેલ . કુવાડવા મેઇન રોડ રણછોડ નગર શેરી નં -૧૦ માં આવેલ રામદૂત કોમ્પ્લેક્ષ ગ્રાઉન્ડ ફ્લોર શોપ નં -૬



સામે સીલ રિકવરી કરતાં ડ્રઉઈચેક આપેલ. રણછોડનગર શેરી નં-૩ માં આવેલ ૧-યુનીટના નળ-કનેક્શન કપાત સામે રિકવરી કરતા ડ્રઉઈ ચેક આપેલ .પેડક રોડ રઘુવીર પાર્કમાં પટેલપાન પાછળ ૧-યુનિટના નળ કનેક્શન કપાત સામે રિકવરી ડ્રઉઈ ચેક આપેલ

વોર્ડ નં-૭માં ઢેબર રોડ પર એસ.ટી બસ સ્ટેન્ડમાં ફર્સ્ટ ફ્લોર શોપ નં-૧૨ ના રૂ.૪૯,૯૧૧ ના બાકી માંગણા સામે સીલ કરવામાં આવી. ઢેબર રોડ પર એસ.ટી બસ સ્ટેન્ડમાં ફર્સ્ટ ફ્લોર શોપ નં-૧૩ ના રૂ.૫૦,૩૮૧ ના બાકી માંગણા સામે સીલ કરવામાં આવી. ઢેબર રોડ પર એસ. ટી. બસ સ્ટેન્ડમાં ફર્સ્ટ ફ્લોર શોપ નં -૧૪ ના ૫૦,૪૩૮/- ના બાકી માંગણા સામે સીલ મારેલ.ઢેબર રોડ પર એસ. ટી. બસ સ્ટેન્ડમાં ફર્સ્ટ ફ્લોર શોપ નં -૨ ના ૬૪,૯૪૯/- ના બાકી માંગણા સામે સીલ મારેલ. ઢેબર રોડ પર એસ. ટી. બસ સ્ટેન્ડમાં થર્ડ ફ્લોર શોપ નં -૧૭ ની સામે સીલની કાર્યવાહી કરતા રિકવરી રૂ. ૧,૦૮,૮૬૧ રિકવરી થઈ ગઈ.

પંચનાથ પ્લોટ મેઇન રોડ પર આવેલ બિઝનેસ પ્લેનેટ ફોર્થ ફ્લોર ઓફિસ નં-૪૦૧ ના રૂ.૨,૫૭,૧૨૦ ના બાકી માંગણા સામે સીલ મારેલ. ડો. રાધા કૃષ્ણા રોડ પર આવેલ ૧-યુનિટ ના રૂ.૧,૫૮,૬૧૩/- ના બાકી માંગણા સામે સીલ મારેલ. પંચનાથ પ્લોટમાં બિઝનેઝ પ્લેનેટ માં ફોર્થ ફ્લોર પર ઓફીસ નં-૪૦૧ સામે સીલની કાર્યવાહી કરતા રિકવરી રૂ.૨.૬૦ લાખ.વોર્ડ નં-૧૦માં નિર્મલા સ્કૂલ સામે આવેલ આવિષ્કાર એપાર્મેન્ટ શોપ નં-૭ ના ૫૩,૪૭૮/-ના બાકી માંગણા સામે સીલ મારેલ. કાલાવડ રોડ પર આવેલ ક્રિસ્ટલ મોલ માં ફર્સ્ટ ફ્લોર શોપ નં -૧૦૧ની નોટીસ સામે સીલ રિકવરી કરતાં ડ્રઉઈચેક આપવામાં આવ્યો હતો.

રૈયા રોડ દરજી ની વાડી ની નજીક આવેલ ઠક્કર સ્વીટ એન્ડ નમકીન ની સામે સીલ ની કાર્યવાહી કરતાં ડ્રઉઈચેક આપેલ. કાલાવડ રોડ પર આવેલ ૨૪ કેરટ એપાર્મેન્ટ વિંગ-ઉફર્સ્ટ ફ્લોર ૧૦૪ ની સામે સીલ ની કાર્યવાહી કરતાં ડ્રઉઈ ચેક આપેલ. વોર્ડ નં-૧૩માં ગોંડલ રોડ સામે મારૂતિ ઈન્ડસ્ટ્રિ એરિયામાં ૧-યુનિટ ની નોટિસ સામે રિકવરી રૂ.૫૩ હજારની થઈ. વોર્ડ નં-૧૪ માં ભૂતખાના ચોક પાસે વી.વી.કોમ્પ્લેક્ષમાં ૧-યુનિટની નોટીસ સામે રિકવરી કરતા ડ્રઉઈ ચેક આપવામાં આવ્યો જ્યારે ભૂતખાના ચોક પાસે વી.વી.કોમ્પ્લેક્ષમાં રાજુ કલર લેબ ની ૧-યુનિટની નોટીસ સામે રિકવરી કરતા ડ્રઉઈ ચેક આપેલ.

વોર્ડ નં-૧૫માં ઉમાઈસ કો.દૂધ સાગર રોડ પર ૧-યુનિટને સીલ કરવામાં આવ્યું..વોર્ડ નં-૧૮માં સુમંગલ પાર્ક મેઇન રોડ શેરી નં- ૧ માં આવેલ જય દસારામ સેનટિંગની સામે સીલ ની કાર્યવાહી કરતાં ડ્રઉઈચેક આપેલ. અહમદાબાદ હાઇ-વે કોઠારીયા નજીક કૃષ્ણનગર સોસાયટી માં ૧-યુનિટ સામે સીલની કાર્યવાહી કરતાં ડ્રઉઈ ચેક આપેલ. ગઈકાલ બપોર સુધીમાં ૩૧-મિલ્કતોને સીલ કરેલ તથા ૧૨- મિલ્કતોને ટાંચ જપ્તી નોટીસ આપેલ તથા ૩-નળ કનેક્શન કપાત કરતા રીકવરી રૂા. ૨૯.૧૨ લાખ રીકવરી કરેલ છે.

# સર્વાંગી વિકાસ સાથે પ્રત્યેક ગુજરાતીની પ્રગતિ થઇ સુનિશ્ચિતઃ પ્રવીણાબેન રંગાણી

## મર્પણ અને સુશાસનના સંકલ્પ સાથે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે બે વર્ષ કર્યા પૂર્ણ





રાજકોટ, તા. ૧૨

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કંડારેલ વિકાસ પથ પર જેમના નેતૃત્વ ગુજરાત અવિરત અને સર્વાંગી વિકાસ કરી રહ્યું છે અને જેમના વ્યક્તિત્વને આદરણીય મોદી સાહેબ મૃદુ અને મક્કમ તરીકે ઓળખાવે છે એવા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સમયબદ્ધતા, પ્રતિબદ્ધતા, કાર્યનિષ્ઠા, પ્રજાભિમુખતા અને સમર્પણ ની ભાવના થકી મુખ્યમંત્રી તરીકેની જવાબદારી સોંપાઈ ત્યારથી આજ સુધી એટલે કે આ સ્વર્ણિમ સફર દરમિયાન ભૂપેન્દ્રભાઈએ કદી પાછળ વળીને જોયું નથી. સતત-સખત કામગીરીની વ્યસ્તતા સાથે પ્રજાભિમુખ અભિગમ તેમણે જાળવ્યો છે અને એટલે જ છેલ્લાં બે વર્ષ દરમિયાન અનેક વિકાસ યોજનાઓ, જનહિતના કાર્યો, માળખાગત સુવિધાઓ, શિક્ષણ-આરોગ્ય લક્ષી સેવાઓ જન જન સુધી પહોંચાડી તમામ ક્ષેત્રે ગુજરાત આજે દેશમાં અગ્રેસર બન્યું છે. પ્રગતિશીલ ગુજરાતના મુખ્યમંત્રીશ્રી ના આ બીજા કાર્યકાળના બે વર્ષ રાજ્યના ભવિષ્યના સોનેરી પથ રૂપે આકારિત થયાં છે.

ગુજરાતનું સૌભાગ્ય છે કે આપણને એવા મુખ્યમંત્રી મળ્યા છે જેમને પંચાયતથી લઈ એસેમ્બલી સુધીનો ૨૫ વર્ષનો અનુભવ છે. ભૂપેન્દ્રભાઈના નેતૃત્વમાં ગુજરાત પ્રગતિનાં નિત નવાં શિખરો સર કરી રહ્યું છે. જોગાનુજોગ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ ના બીજા કાર્યકાળ ના ૨ વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે અને મુખ્યમંત્રીશ્રી રાજકોટ જિલ્લા પંચાયત ના નવા અને આધુનિક બિલ્ડિંગ ના તથા વિવિધ પ્રકલ્પો ના ખાતમુહૂર્ત અને લોકાર્પણ પ્રસંગે પધારી રહ્યા હોઈ મુખ્યમંત્રી નું રાજકોટ મુકામે સમગ્ર જિલ્લા પંચાયત પરિવાર વતી હાર્દિક સ્વાગત તથા ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવી હતી.

### ગુજરાત બોર્ડ ઓફ આયુ.એન્ડ યુનાની સિસ્ટમ ઓફ મેડિસિન દ્વારા યોજાઈ પત્રકાર પરિષદ

# ક્લિનિક રજીસ્ટ્રેશન માટે ૨૭,૦૦૦ થી વધુ લાયક

રાજકોટ,તા. ૧૨

ગુજરાત સરકાર દ્વારા ક્લિનિકલ એસ્ટાબ્લિશમેન્ટ ૨૦૨૧ હેઠળ રાજ્યના તમામ ક્લિનિક પોલીસ ક્લિનિક તથા હોસ્પિટલોના રજીસ્ટ્રેશન ફરજિયાત કરવા માટે સૂચનાઓ આપેલી છે જે રજીસ્ટ્રેશન મેળવવાની આખરી તારીખ ૧૨ માર્ચ છે. મળતી માહિતી મુજબ રાજ્ય સરકારના આ કાયદાથી રાજ્યમાં આરોગ્યની ગુણવત્તા સુધારશે એટલું જ નહીં રાજ્યની દરેક હોસ્પિટલ પોલી ક્લિનિકના રજીસ્ટ્રેશન એક પ્લેટફોર્મ ઉપરથી જ થશે. આ કરવા પાછળનો મુખ્ય હેતુ એ છે કે રાજ્યના નાગરિકોને રાજ્યમાં આવેલ માન્ય હેલ્થ ફેસીલીટી દ્વારા યોગ્ય અને સારી સારવાર મળે ત્યારે બોગસ દવાખાના ચલાવતા અમન્ય ડિગ્રી ધારક તબીબોને ઘણી હેરાનગતિ થશે અને જે દુષણ છે તે પણ દૂર થશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા આયુર્વેદ દિવસના પ્રસંગે દેશ કા પ્રકૃતિ પરીક્ષણ અભિયાનની શરૂઆત કરવામાં આવી હતી જે અભિયાન ભારત સરકારના નેશનલ કમિશન ફોર ઈન્ડિયન સિસ્ટમ્સ ઓફ મેડિસિન નવી દિલ્હી તથા તેમના બોર્ડ ઓફ એથિક્સ એન્ડ રજીસ્ટ્રેશન દ્વારા સંવિધાન દિવસથી શરૂ થઈને અટલ બિહારી વાજપેયજીની જન્મ જયંતી સુધી ચાલુ રહેશે એટલે કે ૨૫ ડિસેમ્બર સુધી આ ઝુંબેશ હાથ ધરવામાં આવશે. બોર્ડમાં માન્ય લાયકાત ને આધારે નોંધાયેલા રજીસ્ટર પ્રેક્ટિસ કરતા તબીબો માટે મોબાઇલ એપ્લિકેશન મારફતે નાગરિકોનું પ્રકૃતિ પરીક્ષણ કરવાનું રહેશે. ત્યારે આ કામગીરીમાં ૫૦૦ પ્રકૃતિ પરીક્ષણ કરનાર રજીસ્ટર પ્રેક્ટિસનરોને ૧૦ સીએમઈ ક્રેડિટ પોઈન્ટ મળશે. ગુજરાત રાજ્યમાં ગુજરાત બોર્ડ ઓફ આયુર્વેદિક એન્ડ યુનાની સિસ્ટમ ઓફ મેડિસિન દ્વારા જે ગુજરાત મેડિકલ પ્રેક્ટિસનર્સ એક્ટ હેઠળ આયુર્વેદ તથા યુનાની સ્નાતકોને રજીસ્ટ્રેશન આપવામાં આવે છે જેઓની લાયકાત ભારત સરકારના એક્ટના શેડ્યુલ મુજબ મેડિકલ ક્વોલિફિકેશન ગણવામાં આવે છે. કાયદાની જોગવાઈ મુજબ નક્કી કરેલા અભ્યાસક્રમ ભણ્યા બાદ એક વર્ષની ઈન્ટર્નશિપ કર્યા બાદ માન્ય યુનિવર્સિટી દ્વારા ડિગ્રી મેળવે છે અને ગુજરાત રાજ્યનું રજીસ્ટ્રેશન પણ તબીબો મેળવે છે. આ અંગે યોજાયેલી પત્રકાર પરિષદમાં સ્નાતક તેની ડીગ્રી મુજબ પોતાના નામ આગળ વૈદ્ય, ડોક્ટર તથા હકીમ શબ્દનો ઉપયોગ કરી શકે છે એટલું જ નહીં માન્ય લાયકાતના આધારે રજીસ્ટર થયેલ સ્નાતકો ફાર્મસી એક્ટ હેઠળ મેડિકલ પ્રેક્ટિસનર પણ ગણાય છે.

# જિલ્લા કક્ષાના બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન યોજાયું ઉપલેટામાં

## 'ટકાઉ ભવિષ્ય માટે વિજ્ઞાન અને ટેકનોલોજી' વિષય હેઠળ ૭૦ કૃતિઓનું નિદર્શન કરાયું

રાજકોટ તા. ૧૨ ડિસેમ્બર

રાજકોટ જિલ્લાના ઉપલેટા ખાતે જિલ્લા કક્ષાનું બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન યોજાયું હતું. જેમાં મુખ્ય વિષય ''ટકાઉ ભવિષ્ય માટે વિજ્ઞાન અને ટેકનોલોજી'' અંતર્ગત ખોરાક, આરોગ્ય અને સફાઈ, પરિવહન અને સંચાર, પ્રાકૃતિક ખેતી, ગાણિતિક નમુના અને ગણનાત્મક ચિંતન, આપત્તિ વ્યવસ્થાપન, કચરાનું વ્યવસ્થાપન અને સંસાધન વ્યવસ્થાપન જેવા પાંચ વિભાગમાં દરેક વિભાગ દીઠ તાલુકા વાઇઝ એક કૃતિ મળી એમ એક વિભાગ દીઠ ૧૪ કૃતિ મળી કુલ પાંચ વિભાગમાં ૭૦ કૃતિઓનું નિદર્શન કરાયું હતું.

આ કાર્યક્રમમાં ભાયાવદર ગુરુકુળના ૦૭ વિદ્યાર્થીઓ તેમજ ભગવતસિંહજી પ્રાથમિક શાળા, દરબાર ગઢ પ્રાથમિક શાળા, સિંહાર પ્રાથમિક શાળા તથા તાલુકા શાળા ઉપલેટાના પાંચ-પાંચ વિદ્યાર્થીઓએ બાળ સ્વયંસેવકો તરીકે સેવા આપી હતી. કાર્યક્રમના પ્રથમ દિવસે પ્રદર્શનના



શુભારંભ સાથે બાળકોના મનોરંજન માટે વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો પણ યોજવામાં આવ્યા હતા, જ્યારે બીજા દિવસે સરદાર પટેલ ટાઉનહોલ ઉપલેટા ખાતે પ્રદર્શનનો પૂર્ણાહુતિ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં દરેક વિભાગ દીઠ ત્રણ એમ કુલ ૧૫ કૃતિઓ અને તેના વૈજ્ઞાનિકોને ધારાસભ્ય ડો. મહેન્દ્રભાઈ પાડલીયા તથા અન્ય મહાનુભાવોના હસ્તે સન્માનિત કરવામાં આવ્યા હતા. આ સાથે જ બાળ વૈજ્ઞાનિકો, માર્ગદર્શક શિક્ષક અને શાળાને શિલ્ડ તેમજ પ્રમાણપત્ર અને બાળ સ્વયંસેવકો અને વૈજ્ઞાનિકોને ૨૧થી વધુ વસ્તુઓની શૈક્ષણિક કીટ એનાયત કરવામાં આવી હતી.

### ફ્રેન્ડશીપ માટેની મોબાઇલ એપનો ઉપયોગ કરી 'શિકાર' ફસાવતાં હતાંઃ શરીર સંબંધની લાલચે મેનેજર યુવતિ સાથે ગયાઃ પણ કાર ઉભી રાખતા જ સાગ્રીતોએ પોલીસના નામે ઘેરી લઇ તોડ કર્યો

# હનીટ્રેપના હથીયારથી નાણા પડાવતી રાજકોટ-ધ્રોલની ટોળકી ઝબ્બે

## ગુનો દાખલ કરવાની ધમકી દઇ વીમા કંપનીના મેનેજરને જ્વેલર શોપમાં લઇ જઇ સાડાચાર લાખના દાગીના ખરીદ કરાવી તે અને રોકડા પણ પડાવ્યાઃ તપાસમાં અનેક ભેદ ખુલવાની શક્યતા

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર, તા. ૧૨**

રાજ્યભરમાં હનીટ્રેપના હથીયારથી લોકોને ફસાવી બ્લેકમેઇલ કરી ડરાવી ધમકાવી રોકડા પડાવતી ટોળકીઓ સક્રિય બની છે. હજુ ગઇકાલે જ આવા બે ગુના આચરનારી ટોળકીને પોલીસે આબાદ ઝડપી હતી. ત્યાં વધુ એક આવી ટોળકીનો પર્દાફાશ થયો છે. ઈન્સ્યુરન્સ કંપનીના મેનેજરને ફ્રેન્ડશીપ માટેની મોબાઇલ એપ મારફત જીયા પટેલ નામની યુવતિએ ફસાવી બાદમાં વાતોચીતો કરી મેનેજરને શરીર સંબંધ બાંધવાની લાલચ આપી મળવા બોલાવ્યા બાદ હનીટ્રેપમાં ફસાવ્યા હતાં. મેનેજરને પોલીસના નામે ડરાવી ધમકાવી તેની પાસે રોકડમાં વધુ રકમ ન હોઇ બાંસઠ હજાર હતાં તે પડાવી બાદમાં જ્વેલરી શોપમાં લઇ જઇ ત્યાંથી સાડા ચાર લાખના સોનાના દાગીના વેપારી મારફત ખરીદ કરાવી તે પણ પડાવી લેવાયા હતાં. આ ગુનામાં પોલીસે રાજકોટ-ધ્રોલની ટોળકી ઝડપી લીધી છે જેમાં બે યુવતિ પણ સામેલ છે. આ ટોળકીએ અનેક ગુનાને અંજામ આપ્યાની શક્યતા છે.

વિગતો પર નજર કરીએ તો બુલાતી હૈ પર જાને કા નહિ...આ વાતને ભુલી જતાં લોકો હનીટ્રેપમાં ફસાઇ જતાં હોય છે. આવો જ એક શિકાર હવે અમદાવાદમાં થયો છે. શહેરના ચાંદખેડા વિસ્તારમાં રહેતા યુવકને હનીટ્રેપમાં ફસાવીને નળસરોવર નજીક પોલીસ હોવાનું કહીને તેના પર ગુનો દાખલ કરવાની ધમકી આપીને ક્રેડિટ કાર્ડ અને ડેબિટ કાર્ડથી સાડા ચાર લાખની કિંમતના દાગીના અને ૬૨ હજારની રકમ પડાવનાર ગેંગની બે યુવતી સહિત પાંચ લોકોને અમદાવાદ ગ્રામ્ય પોલીસે ઝડપી લીધા હતા. જામનગરના ધ્રોલ અને રાજકોટમાં રહેતી આ ગેંગ દ્વારા અગાઉ પણ અનેક લોકોને ટારગેટ કરાયાની શક્યતાને આધારે પોલીસે તપાસ હાથ ધરી છે. શહેરના ચાંદખેડામાં રહેતા અને એક વીમા કંપનીમાં સિનિયર મેનેજર તરીકે ફરજ બજાવતા પિસ્તાલીસ વર્ષના વ્યક્તિએ થોડા મહિના પહેલા ફ્રેન્ડ બનાવવા માટેની એક મોબાઇલ એપ્લીકેશન



ડાઉનલોડ કરી હતી. જેમાં તે જીયા પટેલ નામની યુવતીના સંપર્કમાં આવ્યો હતો.

આ યુવતીએ તેને મળવાની ઇચ્છા વ્યક્ત કરતા મેનેજર તેની કાર લઇને ઉજાલા સર્કલ પાસે ગયો હતો. જ્યાંથી તે યુવતી સાથે રાજકોટ હાઇવે પર એક હોટલમાં જતો હતો. પરંતુ, યુવતીએ તેને નળ સરોવર તરફ કાર લેવાનું કહીને ચોક્કસ જગ્યાએ ઉભી રાખવાનું કહ્યું હતું. જેથી તેની વાતમાં આવીને તેણે કારને કારને ઉભી રાખી હતી. આ સમયે એક વ્યક્તિ ત્યાં આવ્યો હતો અને તેણે પોલીસની ઓળખ આપીને મોબાઇલ ફોન અને પર્સ લઇ લીધું હતુ. આ દરમિયાન તેણે ફોન તેના સિનિયર અધિકારીને વાત કરવી છે. તેમ કહીને આપ્યો હતો. તેણે પોલીસ કેસ નહી કરવાના બદલામાં એક લાખની માંગણી કરી હતી. પરંતુ, યુવક પાસે ચાર ડેબીટ અને ક્રેડિટ કાર્ડ હતા. તે પડાવીને પીન નંબર જાણી લીધા હતા. જે લઇને અન્ય કોઇ વ્યક્તિ બંનેને બેસાડીને ગયો હતો. જે થોડીવારમાં પરત કરીને જતો રહ્યો હતો.

બીજી તરફ જીયા પટેલે પણ ડરી ગયાનો ઢોંગ કર્યો હતો. જેથી તે યુવકને શંકા નહોતી ગઇ. બીજી તરફ પોલીસના નામે તોડ કરનારે સાણંદના એક જ્વેલરી શોપમાંથી સાડા ચાર લાખની કિંમતના દાગીના ખરીદી કર્યા હતા અને ૬૨ હજાર રૂપિયા પણ લીધા હતા. આ અંગે યુવકે નળ સરોવર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ટેકનીકલ એનાલીસીસના આધારે તપાસ શરૂ કરી હતી. જેમાં પોલીસે જાનકી ઉપરા, નાસીર જસરાયા, કૌસર પિંજારા, રાજ કોટાઇ (તમામ રહે. સ્વામીનારાયણ સોસાયટી, ધ્રોલ, જામનગર) અને સાહિલ વાઘેલા (રહે. નવા થોરાળા, શેરી નંબર ૬, રાજકોટ)ને ઝડપી લીધા હતાં. આ ટોળકી પાસેથી લૂંટેલા દાગીના, રોકડ સહિતનો મુદ્દામાલ કબ્જે કરાયો છે. પોલીસને પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું હતું કે આરોપીઓએ અગાઉ પણ અનેક લોકોને હની ટ્રેપ કરીને મોટા પ્રમાણમાં રકમ પડાવી છે. પુછતાછમાં વધુ કેટલાક ગુનાઓનો ભેદ ઉકલાઇ જવાની પણ પોલીસને આશા છે.

અલગ અલગ પ્રકારની એપ દ્વારા કે પછી કોઇપણ સોશિયલ મિડીયા માધ્યમ દ્વારા આ પ્રકારની ટોળકીઓ લોકોને ફસાવતી હોય છે. આવા લેભાગુઓની જાળમાં ફસાવું ન હોય તો ચેતતા રહેવુ જરૂરી છે. અજાણી યુવતિઓ કે પછી અજાણ્યા નંબરો પરથી આવતાં લાલચભર્યા મેસેજનો જવાબ આપવાથી દૂર રહેવું એ જ સલામતી ગણાશે.

### લાલચનું ગાજર દેખાતું હોય લાલચટ્ટક પણ ખાધા પછી થતો હોય છે પેટ ભરીને પસ્તાવો

# ૮૦ લાખ રોક્યા, 3 કરોડ નફો દેખાયોઃ પણ મળ્યું ફદીયુંય નહિ!

## એન્જિનીયરને અવિભાજય ઇન્વેસ્ટર ક્લબ નામના ગ્રુપમાં એડ કરી લલચાવ્યોઃ પાંચ હજાર સામે સીધા ૨૫૪નો નફો દેખાડાયોઃ પછી એણે લાખોનું રોકાણ કર્યુંઃ છેલ્લે ગઠીયાઓએ આપી દીધો ઠગાઈનો ડામ



**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર, તા. ૧૨**

ઓનલાઇન કમાણી કરવાની લાલચ આપી લોકોને લાખો કરોડોમાં છેતરી લેવામાં આવતાં હોય છે. આવા બનાવો રાજ્યમાં રોજે રોજ બની રહ્યા છે. સાયબર ક્રાઇમ પોલીસ અને સમાચાર માધ્યમો આવા ફ્રોડથી બચવા સતર્ક રહેવાના ઢોલ રોજબરોજ વગાડે છે. પરંતુ લોકો લલચાઇ જાય છે અથવા તો અજાણતાં ભૂલ કરી બેસે છે અને નાણા ગુમાવી બેસે છે. વધુ એક આવો બનાવ બન્યો છે જેમાં એન્જિનીયર યુવાનને ઇન્વેસ્ટમેન્ટ ક્લબના ગ્રુપમાં એડ કરી રોકાણ પર મોટુ વળતર આપવાની લાલચ અપાઇ હતી. ગઠીયાઓએ આ યુવાનને એવો આંટીમાં લીધો કે તેણે જોતજોતામાં એંસી લાખ રૂપિયાનું રોકાણ કરી દીધુ હતું. તેની સામે તેના એકાઉન્ટમાં સાડા ત્રણ કરોડનો નફો પણ દેખાડવામાં આવી રહ્યો હતો. પરંતુ જ્યાં તેણે આ નફાની રકમ ઉપાડવા પ્રયાસ કર્યો ત્યાં જ તેના મોતીયા મરી ગયા હતાં. કારણ કે આ રકમ વીડ્રો થઇ શકી નહોતી અને તેને એક કરોડ ઉપાડવા હોય તો સામે ટેક્સના પોણા બાવીસ લાખ ભરવા પડશે તેમ કહેવાતાં યુવાને તપાસ કરતાં પોતે છેતરાઇ ગયાની ખબર પડી હતી.

રોજ આ પ્રકારની છેતરપીંડી થતી રહે છે. છતાં લોકો લલચાય છે અને ફસાય છે. આ નવી ઘટનાની વિગતો પર નજર કરીએ તો આ વખતે ગઠીયાઓનો શિકાર એક એન્જિનીયર યુવાન બન્યો છે. વડોદરામાં રહેતો એક એન્જિનિયર યુવક ઓનલાઇન ઠગાઈ કરતી ટોળકીનો શિકાર બન્યો છે અને તેણે રૂપિયા એંસી લાખ ગુમાવતાં સાયબર સેલમાં ફરિયાદ નોંધાઈ છે. મૂળ ગાંધીનગરનો વતની હર્ષિલ કુમાર પટેલ વડોદરા ગોત્રી સેવાસી રોડ વિસ્તારમાં પારેશ્વર ટાવર ખાતે રહે છે અને હેલ્થ કેર કંપનીમાં જોબ કરે છે. આ યુવક તા ૨જી મે એ પોતાના ઘેર હાજર હતો તે વખતે અવિભાજ્ય ઇન્વેસ્ટર ક્લબ સી-ટુ નામના ગ્રૂપમાં તેને એડ કરવામાં આવ્યો હતો. યુવકે કેટલાક દિવસ સુધી આ ગ્રૂપ પર વોચ રાખી હતી અને તેમાં મૂકાતા પ્રોફિટના સ્ક્રીનશોટ જોઈ તેને ઇન્વેસ્ટમેન્ટ કરવાની ઇચ્છા થઈ હતી.

છેતરાઇ ગયેલા એન્જિનીયર યુવાન હર્ષિલનું કહેવું છે કે મેં ટ્રેડિંગ કરવાની ઇચ્છા દર્શાવતો મેસેજ ગ્રૂપમાં મૂકતાં મને અવિવા કસ્ટમર સર્વિસ મેનેજર વીઆઈપી ૧૫૩ નામના ગ્રૂપમાં એડ કરવામાં આવ્યો હતો. જેના ગ્રૂપ એડમિન તરીકે જીલ મહેરાનું નામ હતું. બાદમાં મને એક વેબસાઇટની લીંક મોકલવામાં આવી હતી અને તેમાં રજિસ્ટ્રેશન કરાવી યુઝર આઇડી અને પાસવર્ડ આપવામાં આવ્યા હતા. ત્યારબાદ મને વોટ્સએપ પર મેસેજ કરી તેમના પ્લેટફોર્મ પરથી ટ્રેડિંગ કરીને સારો નફો મેળવી શકો છો તેમ કહી બૅન્ક એકાઉન્ટ નંબર મોકલ્યો હતો. શરૂઆતમાં મેં ૫,૦૦૦ ટ્રાન્સફર કર્યા હતા અને તેમાં એક જ દિવસમાં ૨૫૪ રૂપિયાનો નફો થયો હતો જે રકમને ઉપાડતાં મારા ખાતામાં જમા થઈ હતી.

આમ એક જ દિવસમાં આવડો નફો સામે જોવા મળતાં મને વિશ્વાસ બેસતાં વધુને વધુ રકમ જમા કરાવતો હતો અને તેની સામે મારા એકાઉન્ટમાં નફા સાથેનું બેલેન્સ દેખાતું હતું. આથી મેં વધુ કમાણી વધુ નફો મેળવવાની લ્હાયમાં કુલ એંસી લાખ ચાલીસ હજારનું રોકાણ કર્યું તેની સામે ૩.૩૫ કરોડનું બેલેન્સ દેખાતું હતું. જો કે મેં આ મારા નફાની રકમમાંથી અત્યાર સુધી મને માત્ર પાંચ લાખ રૂપિયા પરત અપાયા હતાં. હર્ષિલે વધુમાં જણાવ્યું હતું કેં એક કરોડ રૂપિયા ઉપાડવા માટે પ્રયાસ કરતાં આ રકમ ઉપડી ન હતી અને મારી પાસે ટેક્સના નામે ૨૧.૭૮ લાખ માંગવામાં આવ્યા હતા. આથી મને શંકા ઉપજી હતી અને મેં વિશેષ તપાસ કરતાં મારી સાથે ફ્રોડ થયાની ખબર પડી હતી. જેથી મેં સાયબર ક્રાઇમ પોલીસને જાણ કરી હતી. યુવાન એન્જિનીયરે જો અગાઉથી જ સાવચેતી રાખી લીધી હોત તો તેને અધધધ એંસી લાખ ગુમાવવા પડ્યા ન હોત. પણ લાલચનું ગાજર દેખાતું હોય છે લાલચટ્ટક પણ એ ખાધા પછી તેનો સ્વાદ કડવો લાગતો હોય છે. આ વાત વધુ એક વખત સાબિત થઇ છે.

### બીજા ફ્રોડમાં ગોવાની હોટેલમાં રોકાણ કરવાથી નફો થશે કહી યુવાનના ૧૯ લાખ ખાઇ જવાયા!

છેતરપીંડીના અન્ય એક બનાવમાં અમદાવાદના કૃષ્ણનગર રહેતા વેપારીએ તેમના પડોશમાં રહેતા વ્યક્તિ સાથે ધંધામાં રોકાણ કરવા માટે ગોવા ખાતેની તેમની હોટલમાં રોકાણ કર્યું હતું. જે રોકાણ બદલ ગત વર્ષનો હિસાબ માંગતા હોટેલના માલિકે કહ્યું હતું કે, આ વર્ષે નફો નથી થયો જેથી હિસાબ નહીં આપી શકું. વેપારીએ અવારનવાર પૈસા માંગતા તેમને હોટેલ માલિકે જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જે મામલે કૃષ્ણનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોધાવતા પોલીસે તપાસ શરૂ કરી છે. કૃષ્ણનગરમાં રહેતા પ્રદીપ મોદી ઓમ ક્રેડિટ સોસાયટીના ચેરમેન છે. તેમના પડોશમાં રહેતા મહિલા સાથે સાગર ગોલકીયા નામના વ્યક્તિના લગ્ન થયા હતા. લગ્ન બાદ સાગર અવારનવાર તેમના પડોશમાં આવતા પ્રદીપભાઈ સાથે સંપર્ક થયો હતો. સાગરે -દીપભાઈને તેમની ગોવામાં આવેલી હોટલ ખોડિયાર કાઠિયાવાડીમાં રોકાણ કરવા જણાવ્યું હતું. જેથી -દીપભાઈ ૨૦૨૨માં ગોવામાં સાગરની હોટેલ પર ગયા હતા તેમને વિશ્વાસ આવતા તેમણે ટુકડે-ટુકડે સાગરની હોટેલમાં ૧૮.૯૨ લાખ રૂપિયા ઈન્વેસ્ટ કર્યા હતા.


ત્યારબાદ વર્ષ ૨૦૨૩માં પ્રદીપભાઈએ હોટેલનો હિસાબ માંગ્યો ત્યારે સાગરે કહ્યું હતું કે, આ વર્ષે ખોટ થઈ છે જેથી હિસાબ નહીં આપી શકે. પ્રદીપભાઈએ ખોટનો હિસાબ માંગ્યો ત્યારે સાગરે કહ્યું કે, હિસાબ નહીં આપે રોકાણ કરેલા પૈસા પરત આપી દેશે. -દીપભાઈ અવારનવાર પૈસાની ઉઘરાણી કરતા હતા. જેથી સાગર પ્રદીપભાઈને કહ્યું હતું કે, તમારા પૈસાની પાછા નહીં આપું જે થાય તે કરી લેજો અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ મામલે પ્રદીપભાઈએ પોલીસ ફરિયાદ ાદખલ કરાવી હતી.



રાજકોટ મિરર તંત્રીની કલમે

# વિપક્ષના પણ બે વર્ષ પુરા

## ગુજરાતમાં ભુપેન્દ્ર સરકારની બીજી પારીના બે વર્ષ પુરા



આજે રાજકોટમાં સ્માર્ટ ઉત્સવ આયોજિત થયો છે. મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ તથા મહાનુભાવોની ઉપસ્થિતિમાં જબ્બર કાર્યક્રમનું આયોજન થયું છે. તૈયારીનો ધમધમાટ ચાલી રહ્યો છે, ત્રણ દાયકાથી સત્તામાં રહીને લોકમાનસ પર છવાતા રહેવું એ સામાન્ય બાબત નથી વિપરીત સંજોગોમાં પણ ગુજરાત ભાજપે આ કરી દેખાડ્યું છે.

મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ સરકારની બીજી ટર્મના બે વર્ષ ગઈકાલે પૂરા થયા. આ પ્રસંગે મુખ્યમંત્રીએ સરકારી કાર્યોમાં સહયોગ બદલ નાગરિકોનો આભાર વ્યક્ત કર્યો હતો. પોલીટીકલ સાયન્સ પ્રમાણે કોઈપણ શાસક તમામ નાગરિકોને ખુશ રાખવા સક્ષમ હોતા નથી, શાસન પ્રત્યે અસંતોષ એ સ્વાભાવિક બાબત છે.

આ અસંતોષ વિપક્ષની તાકાત બનતી હોય છે. ગુજરાતની પટેલ સરકારની બીજી ટર્મના બે વર્ષ પૂરા થયા તેમ નવી સરકારમાં કોંગ્રેસની વિપક્ષની ભૂમિકાના પણ બે વર્ષ પૂરા થયા છે. ગુજરાતમાં છેલ્લા ત્રણ દાયકાથી કોંગ્રેસને વિપક્ષમાં રહેવાનો અનુભવ થઈ ગયો છે. લોકોના સ્વાભાવિક અસંતોષનો લાભ કોંગ્રેસ લઈ શકી નથી.

મોદીજીએ ગુજરાતના મુખ્યમંત્રી પદે શપથ લીધા હતા ત્યારે રાજ્યમાં કોંગ્રેસ ખૂબ મજબૂત હતી. એ સમયથી આજ સુધીની વિપક્ષ તરીકે કોંગ્રેસ સતત નબળી પડી રહેલી પાર્ટી છે. સવાલ એ થાય કે ગુજરાતમાં કોંગ્રેસને વિપક્ષમાં રહેવાનું વ્યસન થઈ ગયું છે કે શાસક બનવાની ત્રેવડ જ ગુમાવી દીધી છે ??

આશ્ચર્ય એ છે કે ત્રણ દાયકાની સતત નિષ્ફળતા છતાં એકની એક પદ્ધતિથી જ કોંગ્રેસ ધબકી રહી છે. ગુજરાતમાં નરેન્દ્ર યુગથી ભુપેન્દ્ર યુગ સુધીનો અભ્યાસ કરો તો ખ્યાલ આવશે કે વિપક્ષ તરીકે કોંગ્રેસ માત્રને માત્ર નીવેદનીયા વિરોધ જ કર્યા કરે છે. ત્રણ દાયકામાં ગુજરાત વ્યાપી એક પણ લડત પક્ષે આપી નથી.

રાજકોટમાં અગ્નિકાંડ સર્જાયો ત્યારે ગુજરાત કોંગ્રેસ પુરી તાકાતથી મેદાનમાં આવી હતી. પક્ષ દ્વારા બંધના એલાનો અપાયા ત્યારે લોકોનું પ્રચંડ સમર્થન મળ્યું હતું. આ સમયે લાગતું હતું કે વિપક્ષ હવે મુખ્ય ટ્રેક પર આવ્યો છે. રીયલ મુદ્દે રીયલ લડત શરૂ થઈ હતી. જોકે આશ્ચર્યજનક રૂપે લોકોનો ટેકો છતાં કોંગ્રેસે લડત આટોપી લીધી ! મુદ્દો હજુ લટકી રહ્યો છે પણ કોંગ્રેસ છટકી ગઈ છે.

ગુજરાતમાં શાસકરૂપે ભાજપનો વિકલ્પ મળતો નથી, પરંતુ વિપક્ષ રૂપે કોંગ્રેસના વિકલ્પની જરૂર લાગી રહી છે. ભૂતકાળની ચૂંટણીમાં રાજ્યમાં આમ આદમી પાર્ટીને વિપક્ષ બનવાની તક હતી. આપે રાજ્યમાં અતિ નબળી નેતાગીરી ગોઠવી અને આ નેતાગીરીએ કોંગ્રેસ સાથે જોડાણ કરી લીધું. બંને સાથે મળીને ડૂબ્યા.

તંદુરસ્ત લોકશાહી તેને ગણાય જેમાં શાસક મજબૂત અને વિપક્ષ તાકાતવર હોય, ગુજરાતમાં કોંગ્રેસ ઉતરોતર અધોગતિ કરી રહી છે.




# વન નેશન વન ઈલેક્શનને કેબિનેટની મંજૂરી

## ભલામણ મુજબ ચૂંટણી બે તબક્કામાં લાગુ કરવામાં આવશે : પ્રથમ તબક્કામાં લોકસભા અને વિધાનસભાની ચૂંટણી યોજાશે, જ્યારે બીજા તબક્કામાં મહાનગરપાલિકા અને નગરપાલિકાની ચૂંટણીઓ યોજાશે

નવીદિલ્હી, તા. ૧૨

સંસદના શિયાળુ સત્ર વચ્ચે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં કેન્દ્રીય કેબિનેટની મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર, બેઠકમાં કેન્દ્રીય કેબિનેટે 'વન નેશન વન ઈલેક્શન' બિલને મંજૂરી આપી હતી. હવે કેન્દ્ર સરકાર તેને શિયાળુ સત્રમાં ગૃહમાં રજૂ કરી શકે છે. અગાઉ, 'એક દેશ, એક ચૂંટણી' પર કોવિંદ સમિતિના અહેવાલને કેન્દ્રીય કેબિનેટ દ્વારા ૧૮ સપ્ટેમ્બરે મંજૂરી આપવામાં આવી હતી. વડાપ્રધાન મોદીએ ૨૦૧૯માં ૭૩માં સ્વતંત્રતા દિવસના અવસર પર સૌથી પહેલા એક દેશ, એક ચૂંટણીનો પોતાનો વિચાર રજૂ કર્યો હતો. તેમણે કહ્યું હતું કે દેશના એકીકરણની પ્રક્રિયા હંમેશા ચાલુ રહેવી જોઈએ. વડાપ્રધાને ૨૦૨૪માં સ્વતંત્રતા દિવસના અવસર પર પણ આ અંગે પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૨૦૧૯ના સ્વતંત્રતા દિવસે એક દેશ એક ચૂંટણીનો ઉલ્લેખ કર્યો હતો. ત્યારથી, ભાજપ ઘણા પ્રસંગોએ 'એક દેશ, એક ચૂંટણી'ની વાત કરે છે. આ વિચાર એ હકીકત પર આધારિત છે કે દેશના તમામ રાજ્યોની લોકસભા અને વિધાનસભાની ચૂંટણીઓ એક સાથે થવી જોઈએ. હાલમાં, લોકસભા એટલે કે સામાન્ય ચૂંટણીઓ અને વિધાનસભાની ચૂંટણીઓ પાંચ વર્ષના અંતરાલમાં યોજાય છે. ભારતીય બંધારણમાં તેની જોગવાઈ કરવામાં આવી છે. વિવિધ રાજ્યોની વિધાનસભાનો કાર્યકાળ અલગ-અલગ સમયે પૂર્ણ થાય છે, તે મુજબ તે રાજ્યમાં વિધાનસભાની ચૂંટણીઓ યોજાય છે.

જો કે, કેટલાક રાજ્યો એવા છે જ્યાં વિધાનસભા અને લોકસભાની ચૂંટણી એક સાથે યોજાય છે. જેમાં અરુણાચલ પ્રદેશ, આંધ્ર પ્રદેશ, ઓડિશા અને સિક્કિમ જેવા રાજ્યોનો સમાવેશ થાય છે. તે જ સમયે, રાજસ્થાન, મધ્યપ્રદેશ, તેલંગાણા, છત્તીસગઢ અને મિઝોરમ જેવા રાજ્યોમાં લોકસભાની ચૂંટણી પહેલા જ ચૂંટણી યોજાઈ હતી, જ્યારે હરિયાણા અને જમ્મુ અને કાશ્મીરમાં લોકસભા ચૂંટણી પૂરી થયાના છ મહિનાની અંદર ચૂંટણી યોજાઈ હતી. આ પછી મહારાષ્ટ્ર અને ઝારખંડમાં ચૂંટણી યોજાઈ હતી. હવે દિલ્હીમાં ચૂંટણીની તૈયારીઓ કરવામાં આવી રહી છે.

સમિતિએ પોતાના રિપોર્ટમાં કહ્યું છે કે એક સાથે ચૂંટણીની ભલામણોને બે તબક્કામાં લાગુ કરવામાં આવશે. પ્રથમ તબક્કામાં લોકસભા અને વિધાનસભાની ચૂંટણી એક સાથે યોજાશે. બીજા તબક્કામાં, સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓ (પંચાયત અને નગરપાલિકા) સામાન્ય ચૂંટણીના ૧૦૦ દિવસની અંદર યોજાશે. આ અંતર્ગત તમામ ચૂંટણી માટે સમાન મતદાર યાદી તૈયાર કરવામાં આવશે. આ માટે સમગ્ર દેશમાં વિસ્તૃત ચર્ચા શરૂ કરવામાં આવશે. અમલીકરણ જૂથ પણ બનાવવામાં આવશે.

એકસાથે ચૂંટણી યોજવાનો ખ્યાલ ૧૯૫૧-૫૨માં યોજાયેલી પ્રથમ સામાન્ય ચૂંટણીઓથી શરૂ થયો હતો, એટલે કે અગાઉ કેન્દ્ર અને રાજ્યોની ચૂંટણીઓ એકસાથે યોજાતી હતી. વર્ષ ૧૯૫૭, ૧૯૬૨ અને ૧૯૬૭માં કેન્દ્ર અને રાજ્ય સરકારોની ચૂંટણીઓ એકસાથે યોજાઈ હતી. ૧૯૬૭માં ઉત્તર પ્રદેશમાં ચૌધરી ચરણ સિંહના બળવાને કારણે સીપી ગુપ્તાની સરકાર પડી અને અહીંથી ચૂંટણીનું ગણિત પણ બગડી ગયું. આ પછી, વર્ષ ૧૯૬૮ અને ૧૯૬૯ માં પણ, કેટલાક રાજ્યોની સરકારો સમય પહેલા વિસર્જન કરવામાં આવી હતી. ૧૯૭૧ના યુદ્ધ બાદ લોકસભાની ચૂંટણી પણ સમય પહેલા યોજાઈ હતી. આનાથી ચૂંટણીનું ગણિત બગડી ગયું.



### કેન્દ્રએ સર્વસંમતિ બનાવવી પડશે-પૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ

આ મુદ્દે સમિતિની અધ્યક્ષતા કરનાર પૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે મીડિયા સાથે વાત કરતા કહ્યું કે, 'કેન્દ્ર સરકારે સર્વસંમતિ બનાવવી પડશે. આ મુદ્દો કોઈ પક્ષના હિતમાં નથી પરંતુ રાષ્ટ્રના હિતમાં છે. આ એક દેશ, એક ચૂંટણી ગેમ ચેન્જર હશે. આ મારો મત નથી પરંતુ અર્થશાસ્ત્રીઓનો અભિપ્રાય છે, જેઓ માને છે કે તેના અમલીકરણ પછી દેશનો જીડીપી ૧-૧.૫ ટકા વધશે.

## હવસખોરીના કિસ્સાઓ પણ બીજી ગુનાખોરીની જેમ સતત વધી ગયાઃ વધુ એક ચોંકાવનારી

# ત્રણ સંતાનના બાપની શૈતાનિયત પડોશી બાળા સાથે દૃષ્કર્મ

## તેર વર્ષની બાળાને લલચાવી ફોસલાવી ભેટસોગાદ આપી વારંવાર દૂષ્કર્મ આચરતાં ગર્ભવતિ બની ગઈ!

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર તા. ૧૨**

હવસખોરીની ઘટનાઓ અટકતી જ નથી. ખળભળાટ મચાવતા કિસ્સા રાજયભરમાં રોજબરોજ કોઈને કોઈ ગામ કે શહેરમાંથી સામે આવતાં રહે છે. પોલીસ શૈતાનો સામે આકરી કાર્યવાહી કરતી રહે છે છતાં આ પ્રકારની દૂષ્કર્મ, છેડતી, પજવણીની ઘટનાઓ અટકતી નથી. તાજતેરમાં રાજકોટમાં એક માસુમ બાળકીને તે જેને મામા કહેતી હતી એવા ઢગાએ હવસખોરીની શિકાર બનાવ્યાની ઘટના સામે આવી હતી. ત્યાં હવે તેર વર્ષની બાળાને ત્રણ સંતાનના બાપ એવા ઢગાએ વિકૃતિ, હવસખોરી, શૈતાનિયતનો શિકાર બનાવી બળાત્કાર ગુજારતાં આ બાળકી સગર્ભા થઇ ગઇ હતી! આ મામલે વિગતો પોલીસ સુધી પહોંચતા પોલીસ પણ ચોંકી ગઇ હતી અને તત્કાળ હવસખોર સામે કાર્યવાહી હાથ ધરી હતી.

રાજ્યમાં ચોરી, ચીલઝડપ, મારામારી, છેતરપીંડી સહિતના ગુનાઓની સાથે સાથે દૂષ્કર્મ-છેડતીની ઘટનાઓ પણ જાણે રોજીંદી થઇ પડી છે. વધુ એક આવા બનાવમાં વલસાડ જિલ્લામાં એક સગીરા પર દુષ્કર્મ આચરતાં ગર્ભવતી બની હોવાનું સામે આવ્યું છે. વાપી તાલુકામાં એક શ્રમિક પરિવારની તેર વર્ષીય દીકરીને પાડોશીએ ગર્ભવતી બનાવી છે. આરોપીએ લાલચ આપીને વારંવાર દુષ્કર્મ આચર્યું હતું અને જેના કારણે તેને આઠ માસનો ગર્ભ છે. સગીરાની તબિયત લથડતાં તેને સરકારી દવાખાને લઈ જવાઈ હતી, જ્યાં તેને ગર્ભ હોવાનું ફલિત થતાં પીડિતાની માતાએ ત્રણ સંતાનના બાપ એવા હવસખોર સામે એવા ફરિયાદ નોંધાવી છે.



ઘટનાની વિગતે વાત કરીએ તો વાપી તાલુકામાં રહેતા એક શ્રમિક પરિવારની તેર વર્ષીય સગીરા બાજુમાં રહેતા ત્રણ સંતાનના પિતાની નજરમાં આવી ગઈ હતી. સગીરાને લલચાવીફોસલાવી સગીરા સાથે દુષ્કર્મ આચર્યું હતું. સગીરાની તાજેતરમાં તબિયત લથડી હતી. તેની તાજેતરમાં તબિયત લથડતાં નજીકની સરકારી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડી હતી, જ્યાં ફરજ પર હાજર તબીબે તેને આઠ માસનો ગર્ભ હોવાનું જણાવ્યું હતું. એ બાબતે સગીરાની માતાએ તેની પૂછપરછ કરતાં બાજુમાં રહેતા ત્રણ બાળકના પિતાએ તેને લલચાવી ફોસલાવી તેની મરજી વિરુધ્ધ દુષ્કર્મ આચર્યું હોવાનું જણાવ્યું હતું. બનાવની જાણ વાપી ટાઉન પોલીસની ટીમને થતાં વાપી પોલીસની ટીમે સગીરાની માતાની ફરિયાદ નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

આ ઘટનાની તપાસ થતાં એ પણ ખુલ્યું હતું ક હવસખોરે સગીરાને લલચાવી ફોસલાવી, લોભામણી લાલચ આપીને મિત્રતા કેળવી હતી. મિત્રતા દરમિયાન સગીરાને અલગ અલગ વસ્તુઓ આપવાની લોભામણી લાલચ આપીને તેના ઉપર દુષ્કર્મ આચર્યું હતું. ત્રણ બાળકના પિતાએ પોતાની જ દિકરી જેવડી સગીરા સાથે વારંવાર દુષ્કર્મ આચર્યું હતું. એ બાદ તાજેતરમાં સગીરાની તબિયત બગડી હતી, જેને લઈને તેની માતાએ તાત્કાલિક તેને નજીકની સરકારી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડી હતી. વાપીની સરકારી હોસ્પિટલના ફરજ પરના તબીબે સગીરાને ચેક કરી તે ગર્ભવતી હોવાનું અને તેને આઠ માસનો ગર્ભ હોવાનું જણાવ્યું હતું. સગીરાની માતા અને પરિવારના સભ્યોને તે ગર્ભવતી હોવાની ખબર પડતાં પગ નીચેથી જમીન ખસી ગઈ હતી.

સગીરાની માતાએ સગીરાને ગર્ભ બાબતે પૂછતાં બાજુમાં રહેતા પડોશીએ દુષ્કર્મ આચર્યું હોવાનું જણાવ્યું હતું. ઘટના અંગે વાપી ટાઉન પોલીસની ટીમને થતાં ટીમે સગીરાની માતાની ફરિયાદ નોંધીને તેનું મેડિકલ કરાવી તેનાં નિવેદનના આધારે આગળની તપાસ હાથ ધરી છે.

શબ્દ બ્રહ્મ

સદગુરૂ કૃપા હી કેવલમ્...

## ચિંતનની ક્ષણે

# નવયુગ નાં નિર્માણ માટે નયા દૌરનાં સાથી હાથ બઢાના ગીતનો ભાવ સમજીએ



હે ઈશ્વર.

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. એક રીતે જોઈએ તો આજનો સમાજ ક્યારેક આપણામાંથી જ કોઈની ભૂલ કે અનિતીથી પતન તરફ જઈ રહ્યો છે! તો ક્યાંક આપણા મૌનથી પણ સમાજની દુર્દશા થઈ છે!: અને ક્યાંકને ક્યાંક આ ભાવ આપણી જીંદગીને ભારેખમ બનાવી રહ્યો છે. પરંતુ નિર્ભાર થવું હોય તો બહુ સ્વાભાવિક રીતે જ હું પણું છોડવું પડે, આગ્રહો છોડવા પડે,આ મારું! આ તમારું! ના એ વ્યવહારમાંથી બહુ સ્વાભાવિક રીતે જ બહાર આવવું પડે. કાગળ પર ખૂબ બધાં કાળા ઘાંટા લીટા પડી ગયા હોય તો ચિત્ર કેમ બને? બહુ સ્વાભાવિક રીતે જ આપણે તેને પહેલાં ભૂંસી ફરી નવું ચિત્ર બનાવવું પડે. સમાજનું ચિત્ર જે આપણા સૌની બેદરકારીને કારણે કે ભૂલને કારણે બગડી ગયું છે, તો ચિત્ર ફરીથી સરસ રીતે દોરવું હોય તો તેને ભૂંસીને નવેસરથી પ્રયત્ન કરવો પડશે. આપણાં થકી સમાજમાં જે કુરિવાજો, પરંપરાઓ, અને રૂઢીના દૂષણો પ્રવેશ્યાં છે, એ દૂર કરવાં પડશે. અંધ શ્રદ્ધાનું અંધારું છવાય નહીં, સૌને સ્વીકારતાં શીખવું પડશે, સમાજનાં નાનામાં નાના વર્ગને પણ માન આપવું પડશે, અને સમાજનો દરેક વર્ગ આર્થિક રીતે સમાન બને, એ માટે ઓછાં સાધનોમાં જીવવું પડશે, અને એ રૂપિયા પૈસાથી અન્યને મદદ કરી સમાજમાં સમાનતા ઉભી કરવી પડશે. પહેલી નજરે થોડુંક મુશ્કેલ લાગે, અને એનાથી પણ વધુ, દરેક માણસ એમ વિચારે કે મારા એકના સુધરવાથી કંઈ નહીં થાય, આખા સમાજે સુધરવું પડશે!! તો વાત તો એકદમ સાચી છે. પરંતુ શરૂઆત હું મારાથી કરું એવું વિચારીને દરેકે પહેલ કરવી પડશે, તો જ કંઈક પરિણામ મળશે. યુગનિર્માણનું કામ કોઈ એક બે વ્યક્તિથી આસાનીથી થતું નથી, પરંતુ જો દરેકે દરેક જણ કંઈક કરે તો આ કાર્ય બહુ ઝડપથી થાય, અને એવાં ગીતનો સંદર્ભ લઈને આપણે આજે તરાને કી તર્જ જીવન કા અર્ક માં આગળ ચિંતન કરીશું.

સાથી હાથ બઢાના રે,
સાથી હાથ બઢાનાઃ,
એક અકેલા થક જાયેગા,
મિલકર બોજ ઉઠાના,
સાથી હાથ બઢાનાઃ સાથી રે..

હમ મહેનત કરને વાલોને જબભી મિલકર કદમ ઉઠાયા,
સાગરને રસ્તા છોડા, પર્વતને શીશ જુકાયા,
ફૌલાદી હે સીને અપને,ફૌલાદી હૈ બાહેં,
હમ ચાહે તો પેદા કર દે ચટ્ટાનો મેં રાહે,
સાથી હાથ બઢાના રે..

૧૯૫૭ માં બનેલી નયા દોર નામની આ ફિલ્મમાં દિલીપકુમાર અને વૈજન્તીમાલા એ અભિનય કર્યો છે અને ફિલ્મનું આ ગીત આશા ભોંસલે અને મોહમ્મદ રફી એ ગાયું છે તેમજ સાહિર લુધિયાનવી એ લખ્યું છે, સંગીત દીધું છે ઓમકાર પ્રસાદ નાયરે.

ફિલ્મના ટાઈટલ પ્રમાણે જ આપણે પણ નયા દોર એટલે કે જે બધું ભૂલ રૂપે આપણાથી થઈ ગયું છે, એ બધું જ સરખું કરવાં મથવું પડશે. એકબીજા ના સાથ વગર આ કાર્ય શક્ય નથી, સૌએ સાથે મળીને આ કાર્ય કરવું પડશે. કારણકે કોઈ એકની ભૂલથી સમાજ ડામાડોળ થયો નથી, સૌ કોઈની ભૂલ આમાં સામેલ છે, અને લોકકલ્યાણ કે લોકહિતના કાર્ય માટે જ્યારે કોઈ સાધુ આ રીતે યુગ નિર્માણની મસાલ લઈને યજ્ઞ કાર્ય કરવાનું બીડું ઝડપે, તો સૌ કોઈએ પોતાનાથી થાય તેટલી આહુતિ આમાં આપવી પડે ,અને તો જ યજ્ઞ સંપન્ન થાય, તેમજ ધાર્યુ પરિણામ આપણે મેળવી શકીએ. નહીં તો હજી આ સદી પણ પૂરી થઈ જશે, અને કદાચ ત્યારબાદ તો પૃથ્વી પર મનુષ્ય નામની પ્રજાતી પણ હતી, એવો કોઈ શબ્દાર્થ પ્રયોજી શકાય!! આ બધી જ સંભાવનાઓને ધ્યાનમાં રાખીને સમાજે સુધારવું તો પડશે જ, અને એમ જુવો આજની યુવાની ક્યાંક ક્યાંક બહુ સ્વચ્છંદ છે, તો ક્યાંક સમજુ પણ છે, અને તેઓ પોતાની રીતે આપણા એટલે કે હિન્દુ સંસ્કૃતિના સંસ્કારોને ઉજાગર કરતા પણ જોવા મળી રહ્યાં છે. તો એક આહવાન રૂપે આપણે સૌ સાથી હાથ બઢાના ગીતના મૂળ ભાવને પકડી અને સમાજના ઉદ્ધાર માટે જે કંઈ કરવું પડે એ કરીએ એવો એક સુંદર સંકલ્પ સૌ કરવો પડશે.

ભગવાં કપડાં પહેરીને સન્યાસ લેવાય નહીં તો કંઈ નહીં, પરંતુ આપણી વૃત્તિઓમાં થોડો વૈરાગ્ય જગાવવો પડશે, અને એની માટે સૌને પોતાના સમજી પ્રેમ કરવો પડશે, મારું તારું નાં આ બંધનોથી જાતને મુક્ત કરી, વિવિધતાનો ત્યાગ કરીએ. દરેકે દરેક વ્યક્તિ આવી નાની-નાની કોઈ પણ પાંચ કે દસ વાતને યાદ રાખી, અને તેમાં પોતાનાથી થઈ શકે એટલો ફેરફાર કરે, તો પણ સમાજની આજની આ પરિસ્થિતિમાં ઘણો ફેર પડી શકે. ભગવાન રામ જ્યારે સીતાજીની શોધમાં હનુમાન, સુગ્રીવ અને અન્ય વાનર સાથે લંકા તરફ જવા નીકળે છે, અને છેક સુધી પહોંચે છે. ત્યારે એક સમુદ્રનું અંતર બાકી છે, અને આ સમુદ્ર કેમ પાર પાડવો એ એક સૌથી મોટી સમસ્યા હતી. અને પછી એની પર સેતુ બાંધવો એવું નક્કી થયું, સૌ પોતપોતાની રીતે આ સેતુ બનાવવા માટે મહેનત કરી રહ્યા હતાં. ત્યાં આગળ આટા મારતી એક ખિસકોલીને પણ આ સત્કાર્યમાં ભાગ લેવો હતો, અને તે વારેવારે રેતીની અંદર જઈ પોતાના શરીરમાં ભરાય એટલી રેતી કે અન્ય માટી રજકણો લઈ આવતી હતી, અને પછી આ સેતુ પર પોતાની જાત ખંખેરતી હતી, અને સમુદ્ર પર સેતુ બંધાઈ ગયો. ઈતિહાસમાં આજે પણ ખિસકોલીનું નામ આદરપૂર્વક લેવામાં આવે છે, અને તેને યાદ કરવામાં આવે છે, એમ આપણે પણ નયા દોર ના આ ગીતના બોલ પકડી અને આપણાથી જે કંઈ થાય એવા નાના-નાના પ્રયત્નો કરીએ, કે જેથી કરીને આવતીકાલે જ્યારે હિન્દુ સંસ્કૃતિનો ડંકો વિશ્વમાં વાગે, ત્યારે આપણે પણ એ વાતનો ગર્વ લઈ શકીએ, કે આ સંસ્કૃતિના ઉત્થાનમાં નાનો પણ મારો પણ ફાળો છે.

કવિ ગીતમાં આગળ લખે છે તેમ મનુષ્ય ધારે તો કંઈ પણ કરી શકે છે, અને એકવાર મહેનત શરૂ કરીએ તો પછી અસ્તિત્વ પણ આપણને સાથ આપે છે.કવિ લખે છે તેમ મહેનત કરવા વાળા એ જ્યારે જ્યારે પોતાના લક્ષ્ય તરફ કદમ આગળ વધાર્યા છે, ત્યારે સમુદ્ર એ માર્ગ આપ્યો છે, અને પર્વત પણ તેની અડગતા આગળ ઝૂકી ગયું છે, કારણ કે આપણી છાતી લોખંડ જેવી અને એ કાર્ય કરવા માટે ના હાથ પણ લોખંડી છે. લોખંડી શબ્દ આવે અને આપણને સરદાર વલ્લભભાઈ પટેલ યાદ ના આવે એવું તો બને ખરું!! યાદ કરીએ એ ભારતની આઝાદીના દિવસો, અંગ્રેજોથી તો દેશ આઝાદ થયો, પણ હજી પણ દેશ એક નહતો, કારણ કે નાના નાના રજવાડાઓ હતાં, અને ગમે ત્યારે એમાંનું કોઈ વળી પાછું ફૂટી જાય, તો ફરી પશ્ચિમી શાસકો આપણી પર રાજ કરી શકે, અને આથી એકત્રીકરણની એ ઐતિહાસીક ઘટના ઘટી, જેનો શ્રેય સરદાર વલ્લભભાઈ ને ફાળે જાય છે. એટલે આપણે પણ આ કાર્ય કરી શકીએ તેમ છીએ, કારણકે ગાંધી-સરદારના ગુજરાતમાં આપણો જન્મ છે, અને લોહીમાં આ બધા સંસ્કારો જન્મતાની સાથે જ આપણને મળ્યા છે. આપણે સૌ સાથી હાથ બઢાના, એ ગીતના શબ્દો મુજબ એક થઈને હિન્દુ સંસ્કૃતિનાં ઉત્થાન માટે વિચારીને આપણાં જેટલો સુધાર થાય એટલો કરીએ, પ્રેમથી એકબીજાને જોડાયેલા રહીએ,સૌની તકલીફો અને દુ:ખદર્દને અનુભવીને તેનાં સુખ કંઈક માટે કરીએ એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન-મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

**લી. ફાલ્ગુની વસાવડા. (ભાવનગર)**

### વિજ્ઞાન અને ઇન્ટરનેટના યુગમાં અંધશ્રધ્ધામાં આંધળાભીંત થતાં લોકો ઘણીવાર નોતરી લેતાં હોય છે મોતને

# એ ક્રિકેટરને એટેક નહોતો આવ્યો, નવલસિંહે કરી'તી હત્યા!

### અંજારના યુવાન ક્રિકેટરને પત્નિ સાથે કલેશ હોઇ મસાણી મેલડીના કહેવાતા ભુવા નવલસિંહ પાસે વિધી કરાવી હતીઃ પણ ફરક ન પડતાં તેણે નવલસિંહ સાથે ઝઘડો કરતાં તેણે ક્રિકરેટના ઘરે જઇ ફરી વિધીના બહાને કેમિકલ પાઇ દીધુ હતુંઃ જે તે વખતે પરિવારજનોએ હાર્ટએટેક આવ્યાનું માની લીધુ હતુંઃ પણ મરતાં પહેલા નવલસિંહ ખળભળાટ મચાવતી હકિકત જણાવતો ગયો

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર, તા. ૧૩**

રાજકોટઃ વિજ્ઞાન અને ઇન્ટરનેટના યુગમાં પણ લોકો અંધશ્રધ્ધામાં દોરવાઇ જતાં હોય છે. જેનો ઘણા લેભાગુઓ ગેરલાભ ઉઠાવતાં હોય છે. આવો જ એક કહેવાતો ભુવો પોલીસના હાથે પકડાયો હતો. જેણે એક પછી એક તેણે તેર હત્યાઓને અંજામ આપ્યાની વિગતો ખુલતાં પોલીસ પણ ચોંકી ગઇ હતી. મસાણી મેલડીનો કહેવાતો એવો આ ભુવો પોલીસ કસ્ટડીમાં હતો એ દરમિયાન જ મોત થયું હતું. જો કે એ પહેલા તેણે હત્યાઓની કબુલાતો આપી હતી. એક યુવતિની લાશના ટુકડા કરી વાંકાનેરમાં દાટી દીધી હતી. આ લાશના અવેશેષો પોલીસે બહાર કાઢ્યા હતાં. ત્યાં હવે ચોંકાવનારી વધુ એક હત્યાની વિગતો ખુલી છે જેમાં આ કહેવાતા ભુવાએ ઘરકંકાસમાં શાંતિ થઇ જાય તેની વિધીના નામે અંજારના યુવાનની હત્યા કરી હતી. ચાર વર્ષ બાદ આ હત્યાનો ભેદ ખુલતાં ભળભળાટ મચી ગયો છે.

વિગતો પર નજર કરીએ તો અમદાવાદના વઢવાણના મસાણી મેલડી માતાજીના કહેવાતા ભુવાએ પોતાના પરિવારના સભ્યો સહિત ૧૩ લોકોના જીવ લઈ લીધા હોવાનો ચકચારી બનાવ સામે આવતા સમગ્ર ગુજરાતમાં હડકંપ મચી ગયો છે. હત્યાના સિલસિલામાં પતિ-પત્નિના ઝઘડામાં શાંતિ મળે તે માટે વિધિ કરાવવા મથતા અંજારના યુવાનની પણ હત્યા કરી દેવામાં આવી હોવાનો ઘટસ્ફોટ પણ થયો છે. અંજારના રાજ બાવાજી તરીકે ઓળખાતા ક્રિકેટર નરેશ ગોસ્વામીનું મૃત્યુ ચાર વર્ષ અગાઉ હાર્ટએટેકથી થયું હતું. પરંતુ અમદાવાદ પોલીસે પકડેલા તાંત્રિક નવલસિંહે રાજ બાવાજીને તેના ઘરમાં જ ચામાં ઝેરી પાઉડર પીવડાવી હત્યા કર્યાનો ઘટસ્ફોટ થયો છે. સરખેજ પોલીસે વિગતો મોકલતાં આ અંગે અંજાર પોલીસ વિશેષ તપાસ કાર્યવાહી હાથ ધરશે.

વધુ માહિતી જોઈએ તો અમદાવાદની સરખેજ




પોલીસે જણાવ્યુ કે, અંજારના મોમાઈ માતાજીનાં મંદિરે પૂજા કરતાં પૂજારીના પુત્ર નરેશગિરિ સુરેશગિરિ ગોસ્વામી જે રાજ બાવાજી તરીકે ઓળખાય છે તેમનું તા. ૧૬-૭-૨૦૨૦ના મૃત્યુ થયું હતું.

જેનું મૃત્યુ હાર્ટ એટેકથી થયું હોવાનું માની લેવામાં આવ્યું હતું. પરંતુ આ મૃત્યુના ૪ વર્ષ બાદ પકડાયેલા વઢવાણના નવલસિંહ નામના ભુવાજીએ પોતાની કબૂલાતમાં જણાવ્યુ હતું કે, નરેશગિરિ ઉર્ફે રાજ બાવાજી અને તેમની પત્નિ સોનલ ઉર્ફે હેતલ રાવલ વચ્ચે ઝઘડાઓ થતાં હતા. બન્નેએ પ્રેમ લગ્ન કર્યા બાદ કોઈને કોઈ બાબતે વિવાદો થતાં રહેતા હોવાથી શાંતિ માટે મૃતક યુવાન રાજ બાવાજીએ વઢવાણ ખાતેના નવલસિંહ ભુવાજીનો સંપર્ક કર્યો હતો.

દરમિયાન વિધિ કરાવ્યા બાદ અને વઢવાણ ખાતે ત્રણ ચાર વખત ધક્કા ખાધા બાદ પણ ગૃહ કંકાસમાં શાંતિ ન મળતા નવલસિંહ અને રાજ બાવાજી વચ્ચે બોલાચાલી થઈ હતી. જેથી નવલસિંહ અંજાર આવ્યા હતા અને રાજ બાવાજીના ઘરે જ શાંતિ માટેની વિધિ કરી હતી. આ દરમિયાન તેણે લિક્વિડમાં સોડિયમ પાઉડર નાખી દીધો હતો અને તે લિક્વિડ રાજ બાવાજીને પીવડાવી ત્યાંથી ચાલ્યો ગયો હતો. જેના અમુક સમય બાદ રાજ બાવાજીને હાર્ટ એટેક આવી જતાં તેમનું મૃત્યુ થયું હતું અને પરિવારે હાર્ટ એટેકના કારણે જ મૃત્યુ થયું હોવાનું સમજી લેતા પી.એમ. કરાવવા કે પોલીસને જાણ કર્યા વગર જ અંતિમ વિધિ કરી નાખી હતી. એચએએલ આ સંપૂર્ણ કેસ બાબતે નવલસિંહ ભૂવાજી સાથે સંબંધ ધરાવતા લોકોની પૂછપરછ ચાલુ છે અને ટૂક સમયમાં આ બાબતે અમદાવાદની સરખેજ પોલીસ કાર્યવાહી કરશે તેવું પણ જાણવા મળ્યું છે. આમ કહેવાતા ભુવાએ કઇ રીતે એક પછી એક તેર લોકોને મોતને ઘાટ ઉતારી દીધા તેની હકિકતો એક પછી એક સામે આવતાં રાજ્યભરમાં ચકચાર મચી ગઇ છે. આજના યુગમાં પણ લોકો અંધશ્રધ્ધામાં આંધળાભીંત થઇ કેવી મુશિબત કે મોતને નોતરી લેતાં હોય છે તે આ ઘટનાઓ પરથી ફલીત થઇ રહ્યું છે.

# હૃદયરોગ સંબંધી દવાઓના વેચાણમાં ઝેટ ગતિએ ઉછાળો

### ૨બે વર્ષમાં વેચાણ રૂ.૧૧૦૫ કરોડથી વધીને રૂ.૧૫૭૧ કરોડ નોંધાયું

રાજકોટ મિરર, અમદાવાદ તા.૧૨
સરકાર ભલે કહેતી હોય કે ગુજરાતમાં ખાસ કરીને યુવાઓમાં જે રીતે હૃદયરોગ-કાર્ડિયાક-એરેસ્ટ અને હૃદયરોગના ઓચિંતા હુમલાથી મૃત્યુના વધેલા પ્રમાણ અને કોરોના વેકસીનને કોઈ સંબંધ નથી પણ વાસ્તવિકતા એ છે કે કોરોનાકાળ બાદ આ પ્રકારે મૃત્યુના કેસ સતત વધતા જાય છે અને મેડીકલ સાયન્સ તેનો જવાબ આપી શકયુ નથી તે પણ વાસ્તવિકતા છે.

તેના કારણે ફાર્મા કંપનીઓ માટે હવે 'અચ્છે દિન' જરૂર આવી ગયા છે. હૃદય સંબંધી બિમારી અને હૃદયરોગના હુમલાનો ભોગ બનનારની સંખ્યા સતત વધી રહી છે. તેનાથી આ રોગ માટેની દવાઓના વેચાણમાં રાજયમા બે વર્ષમાં ૪૨%નો વધારો થયો છે અને રાજયમાં નવે.૨૦૨૨માં આ રોગ માટેની દવાઓનુ કુલ વેચાણ જે રૂ.૧૧૦૫ કરોડનું હતું તે વધીને નવે.૨૦૨૪ સુધીમાં આ વર્ષે રૂ.૧૫૭૧ કરોડનું નોંધાયું છે.

આ અંગે ફાર્માંરેકસના કોમર્શિયલ વિભાગના વાઈસ પ્રેસીડેન્ટ શીતલ સાપાલેના



જણાવ્યા મુજબ એકંદરે હૃદયરોગનું પ્રમાણ વધ્યુ છે અને રાજયમાં ૪૦ વર્ષ કે તેથી ઉપરના એક મોટા વર્ગને આ રોગની અસર છે. જેમાં હાયપરટેન્શન (હાઈ બીપી) કિડની સંબંધીત રોગોનો પણ સમાવેશ થાય છે અને તેમાં ઈલાજ માટે નવી દવાઓ જયળફલહીશિંમય અને ટયશિભશલીફિં નો ફાળો વિશેષ છે.આ ઉપરાંત જાડાપણા નિવારવા કે ચરબી ઘટાડવા સંબંધી દવાઓનું વેચાણ પણ વધ્યુ છે. ઉપરાંત જે રીતે હૃદયરોગના કેસ વધી રહ્યા છે તેમાં હવે લોકોમાં જાગૃતિ પણ વધી છે અને તેમાં તબીબી સલાહ સારવાર પણ લઈ રહ્યા છે.

જેના કારણે પણ વેચાણ વધ્યુ છે. વાસ્તવમાં આપણે ભોજન અને લાઈફ સ્ટાઈલ પ્રત્યે લાંબા સમયથી એક કાળજી વગરના ટ્રેન્ડને અનુભવી રહ્યા છીએ અને તે બાળકોથી જ પ્રારંભ થયો છે. ઉપરાંત કામકાજના દબાણ નાણાકીય સહિતના કારણે તનાવ-ચિંતાનું પ્રમાણ વધ્યુ છે. ઉંઘ, વ્યાયામ, ખાનપાનમાં અનિયમિતતા અને નાની નાની આરોગ્ય ચિંતાઓ ગંભીરતાથી નહી લેવાતી, તંબાકુ સહિતના વ્યસન, શરાબ, ફેટી, ખોરાક વિ. પણ તેનો ફાળો આપે છે.

અમદાવાદની પ્રથમ યુ.એન.મહેતા ઈન્સ્ટીટયુટ ઓફ કાર્ડિયોલોજી એન્ડ રીસર્ચ સેન્ટરના ડો. જયેશ પ્રજાપતિ હૃદય સંબંધી બિમારીઓએ સ્ટેન્ટ મારફત કોલસ્ટોરલ મેનેજમેન્ટનું પ્રમાણ પણ વધી રહ્યું છે.

તેઓ સ્વીકારે છે કે કોરોના બાદ હૃદય સંબંધી બિમારીઓ વધી છે. લોકોમાં જાગૃતિ પણ વધી છે અને તેથી દવાઓનું વેચાણ વધી છે. આ ઉપરાંત શહેરીકરણ, ખાનપાનની રીતોનો પણ ફાળો છે. લોહી પાતળું કરવાની દવા, ધમનીમાં જે બ્લોકેજ સર્જાય છે તેને નિવારવા માટેની દવાઓ પણ વધુ વેચાય છે. આ ઉપરાંત અનેક નવી દવાઓ પણ હવે ઉમેરાઈ છે.

# રાજયકક્ષાની પાંચમી ઓસમ આરોહણ-અવરોહણ સ્પર્ધા ૨૪ ડિસેમ્બરે

### ૧૪ થી ૧૮ વર્ષનાં જુનિયર વિભાગનાં ભાઈઓ- બહેનો લેશે ભાગ

રાજકોટ મિરર, તા.૧૨
ગુજરાત સરકારશ્રીનાં રમતગમત, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગર તેમજ કમિશનર, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ, ગાંધીનગર દ્વારા આયોજીત અને જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, રાજકોટ ગ્રામ્ય સંચાલિત રાજયકક્ષા પાંચમી ઓસમ આરોહણ-અવરોહણ સ્પર્ધા ૨૦૨૪-૨૫નું આયોજન તા.૨૪ ડિસેમ્બર ૨૦૨૪નાં રોજ ઓસમ પર્વત, પાટણવાવ, તા.ધોરાજી,જિ. રાજકોટ ખાતે યોજાશે.

આ સ્પર્ધા જુનીયર વિભાગનાં ભાઈઓ તેમજ બહેનોના બે ભાગમાં આયોજીત થશે. ભાગ લેવા આવનાર સ્પર્ધકોએ તા.૨૩ ડિસેમ્બર ૨૦૨૪નાં રોજ બપોર પછી ૦૩:૦૦ થી ૦૫:૦૦ કલાક સુધીમાં ઓસમ પર્વત તળેટી,પાટણવાવ, તા.ધોરાજી ખાતે કાર્યાલય પર પોતાનું ફરજીયાત રિપોર્ટીંગ કરાવવાનું રહેશે. તા.૨૪ ડિસેમ્બર ૨૦૨૪નાં રોજ સવારે ૦૭:૦૦ કલાક થી ભાઈઓ તેમજ સવારે ૦૭:૩૦ કલાક થી બહેનો માટે સ્પર્ધા યોજવામાં આવશે. રાજ્ય સરકાર દ્વારા સ્પર્ધકો માટે રહેવા-જમવાની વ્યવસ્થા કરવામાં આવેલ છે. આ સ્પર્ધામાં ૧ થી ૧૦ ક્રમે વિજેતા થનાર સ્પર્ધકોને પુરસ્કાર તેમજ પ્રમાણપત્ર એનાયત કરવામાં આવશે.નિયત સમયમાં અગાઉથી અરજી કરનાર પાત્રતા ધરાવતા ભાઈઓ-બહેનો જ હરિફાઈમાં ભાગ લેશે તેમ જિલ્લા યુવા વિકાસ અધિકારી , રાજકોટ એચ.વી.દિહોરાની યાદીમાં જણાવાયું છે.

# આંગણવાડીની બહેનોને અપાયો માતા યશોદા એવોર્ડ

### મહિલા - બાળ કલ્યાણ મંત્રી ભાનુબેન બાબરીયાના હસ્તે એવોર્ડ એનાયત

રાજકોટ મિરર, તા.૧૨
અમદાવાદના સાયન્સ સિટી ખાતે મહિલા અને બાળ કલ્યાણ, સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી ભાનુબેન બાબરીયાના અધ્યક્ષસ્થાને સંકલિત બાળ વિકાસ સેવા યોજના અમદાવાદ ગ્રામ્ય, અમદાવાદ શહેર તથા ગાંધીનગર ગ્રામ્ય આઈ.સી.ડી.એસ. વિભાગના સંયુક્ત ઉપક્રમે 'પા પા પગલી' અંતર્ગત ઝોન કક્ષાના ભૂલકા મેળો-૨૦૨૪નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ભાનુબેન બાબરીયાના હસ્તે વિવિધ આંગણવાડી કાર્યકરો, તેડાગર બહેનો અને મુખ્ય સેવિકા બહેનોને વર્ષ ૨૦૨૧-૨૦૨૨ના માતા યશોદા એવોર્ડ એનાયત કરાયા હતા. સાથે જ, આ ભૂલકા મેળામાં અમદાવાદ ઝોનના આંગણવાડી કાર્યકર બહેનો દ્વારા ટીચિંગ લર્નિંગ મટિરિયલ્સ (ટીએલએમ) સામગ્રી તથા આંગણવાડીમાં બાળકોને આપવામાં આવતા બાળશક્તિ તેમજ અન્ય પોષક સામગ્રીમાંથી બનાવેલી વાનગીના ઊભા કરેલ સ્ટોલમાંથી નિર્ણાયકો દ્વારા તેને પ્રથમ, દ્વિતિય અને તૃતિય નંબર આપેલ હતા.

### અપમૃત્યુની વધુ ૯ ઘટનાઓ મૃતકોના પરિવારજનોને ગમગીનીના સાગરમાં ડુબાડી ગઇ

# વાહન અકસ્માતમાં યુવાનનું મોતઃ દિલના ધબકારા અટકતાં ૬ લોકોનો જીવ ગયો

### હૃદય રોગના હુમલાથી પદ્યુમન પાર્કના સિક્યુરીટી ગાર્ડ, બે ખેડૂત, એક મહિલા, બે વૃધ્ધાના જીવ ગયાઃ એક નવોઢાનું દાઝી જતાં, એક પ્રૌઢનું ફુટપાથ પર ઢળી પડતાં મોત

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર, તા. ૧૩**

અપમૃત્યુના વધુ ૯ બનાવો નોંધાયા હતાં. જેમાં એક યુવાનને વાહન અકસ્માતની ઘાત નડી ગઇ હતી તો એક પ્રૌઢ, બે ખેડુત, એક મહિલા, બે વૃધ્ધ સહિત છને હાર્ટએટેક આવી ગયો હતો. એક નવોઢાનું દાઝી જવાથી અને એક પ્રૌઢનું ફુટપાથ પર બેભાન થઇ જતાં મોત થયું હતું. રોજબરોજ આ પ્રકારના મૃત્યુના બનાવો શહેરની સરકારી અને ખાનગી હોસ્પિટલો મારફત જે તે પોલીસ સ્ટેશનમાં નોંધાવવામાં આવતાં પોલીસ કાર્યવાહી કરતી હોય છે. આકસ્મિક મૃત્યુની નોંધ કરીને કરવામાં આવતી કાર્યવાહીમાં આગળ જતાં જરૂર જણાયે પોલીસ એફઆઇઆર પણ દાખલ કરતી હોય છે.







વાહન અકસ્માતથી મૃત્યુની ઘટના પર નજર કરીએ તો નવા દોઢસો ફુટ રીંગ રોડ પર શાપર તરફના રસ્તે હકુભા ચોકમાં એક્ટીવા સ્લીપ થઇ જતાં મુળ ઓરિસ્સાના યુવાનનું ગંભીર ઇજા થવાથી મૃત્યુ થયું હતું. મળતી માહિતી અનુસાર મુળ ઓરિસ્સાનો બત્રીસ વર્ષનો મનોજ બુહુભાઇ સુના રાતે કોરાટ ચોકમાં બની રહેલી નવી બિલ્ડીંગની સાઇટ પરથી તેના સાળા લોચન હરપાલનું એક્ટીવા લઇ નજીકમાં શેઠ પાસે અગાઉની મજુરીના પૈસા લેવા ગયો હતો. પૈસા લઇને પરત કોરાટ ચોક તરફ આવી રહ્યો હતો ત્યારે રસ્તામાં ઢોલરા તરફના રોડે હકુભા ચોકમાં પહોંચ્યો ત્યારે એક્ટીવા સ્લીપ થઇ જતાં ગંભીર ઇજા થતાં સારવાર માટે ૧૦૮ મારફત તેને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. પરંતુ સવારે તેનું મોત થયું હતું. શરૂઆતમાં તેને અજાણ્યા દર્દી તરીકે દાખલ કરવામાં આવ્યો હતો. બાદમાં તેની ઓળખ થઇ હતી.

આ બનાવ અંગે સિવિલ હોસ્પિટલ ચોકીના આસી સબ ઇન્સ. રામશીભાઇ વરૂ, ધર્મેન્દ્રભાઇ હુદડે શાપર પોલીસને જાણ કરી હતી. મૃત્યુ પામનાર મનોજ બે ભાઇમાં નાનો હતો અને સંતાનમાં એક પુત્ર છે. તેનો પરિવાર ઓરિસ્સા રહે છે. પોતે કોરાટ ચોકની સાઇટ પર સાળા હરપાલને ત્યાં આવ્યો હતો અને સાળાનું એક્ટીવા લઇને શેઠ પાસે પૈસા લેવા ગયા બાદ પરત આવતો હતો ત્યારે રસ્તામાં નડેલો અકસ્માત તેના માટે જીવલેણ સાબીત થયો હતો.

હાર્ટએટેકને કારણે થયેલા મૃત્યુની ઘટનાઓ પર નજર કરીએ તો જુના માર્કેટ યાર્ડ પાછળ મંછાનગર શેરી નં. ૩માં રહેતાં બાવન વર્ષના કમાભાઇ કરસનભાઇ ગોહેલ સવારે છએક વાગ્યે ઘરે એકાએક બેભાન થઇ પડી જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ તબિબે નિષ્પ્રાણ જાહેર કર્યા હતાં. કમાભાઇ ગોહેલ પદ્યુમન પાર્કમાં સિક્યુરીટી ગાર્ડ તરીકે નોકરી કરતાં હતાં. તેમને સંતાનમાં એક પુત્રી અને બે પુત્ર છે. પોતે સાત ભાઇ અને એક બહેનમાં ચોથા હતાં. હાર્ટએટેક આવી ગયાનું પરિવારજનોએ કહ્યું હતું.

જ્યારે ગોંડલ રોડ પર સદ્દભાવના વૃધ્ધાશ્રમમાં રહેતાં સત્યાસી વર્ષના મહેન્દ્રભાઇ ગોવર્ધનભાઇ ગણાત્રા અને પંચ્યાસી વર્ષના પ્રભાબેન ગોવિંદભાઇ રાઠોડ અલગ અલગ સમયે બેભાન થઇ જતાં વૃધ્ધાશ્રમના ધર્મેશભાઇએ સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડ્યા હતાં. પરંતુ અહિ બંનેના મૃત્યુ થયા હતાં. આ બંનેને પણ હાર્ટએટેક આવી ગયાનું ખુલ્યું હતું.

જ્યારે હૃદય બંધ પડવાની અન્ય ઘટનામાં જામજોધપુરના સિદસર ગામે પટેલ સમાજની વાડી પાસે રહેતાં અઠાવન વર્ષના જમુનાદાસ જીવણભાઇ પટેલ રાજકોટ જીવરાજ પાર્ક વૃજ હાઇટ્સમાં રહેતાં દિકરા અંકિતભાઇના ઘરે આવ્યા હોઇ ઘરેથી સવારે દસેક વાગ્યે સમ્રાટ ઇન્ડસ્ટ્રીયઅલ એરિયામાં આવેલા દિકરાના કારખાને આટો મારવા ગયા હતાં. જ્યાં બેભાન થઇ ઢળી પડતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ દમ તોડી દીધો હતો. તેમને હાર્ટએટેક આવી ગયાનું જાહેર થયું હતું. તેઓ ખેતી કરી ગુજરાન ચલાવતાં હતાં અને ત્રણ ભાઇ બે બહેનમાં નાના હતાં. સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી છે. માલવીયાનગર પોલીસે કાર્યવાહી કરી હતી. તેમજ ખોખડદળ ગામે રહેતા ચોપન વર્ષના કેશુભાઇ લવજીભાઇ ગજેરા ગામમાં રમેશભાઇ રંગાણીની વાડીએ બેભાન થઇ જતાં સારવાર માટે ખસેડાયા હતાં. પરંતુ મોત થયું હતું. તેમને હાર્ટએટેક આવી ગયાનું જાહેર થયું હતું. તેઓ ચાર ભાઇ અને એક બહેનમાં બીજા હતાં તથા ખેતી કરતાં હતાં. સંતાનમાં બે પુત્ર છે. રમેશભાઇની વાડી તેમણે દસ વર્ષથી વાવવા રાખી હતી. આજીડેમ પોલીસે કાર્યવાહી કરી હતી.

જયારે બનાવમાં કુવાડવા ગામે રહેતી અનિતાબેન સમીરભાઇ ભુરીયા પોતાના ઘરે હતી તયારે બેભાન થઇ જતાં ખાનગી હોસ્પિટલમાં ખસેડાઇ હતી. પરંતુ મોત થયું હતું. તેનું પણ હાર્ટએટેકથી મૃત્યુ થયાનું જાહેર થયું હતું. કુવાડવા રોડ પોલીસે કાર્યવાહી કરી હતી.

આ ઉપરાંત પોપટપરા સ્મશાનની સામે નવા બની રહેલા આવાસ યોજનાની સાઇટ પર પરિવાર સાથે રહી મજૂરી કરતી મુળ ઝારખંડની એકવીસ વર્ષની પ્રીતિબેન પિન્ટુભાઇ યાદવ ગત ત્રીસમી નવેમ્બરના રોજ સાંજે દાઝી જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાઇ હતી. તેનું સારવાર દરમિયાન મોત થતાં પરિવારમાં અરેરાટી વ્યાપી ગઇ હતી. પ્રીતિબેન ચુલા પર રસોઇ બનાવી રહી હતી ત્યારે ભડકો થતાં સાડીમાં ઝાળ લાગી જવાથી દાઝી ગઇ હતી. તેણીના લગ્ન સાત મહિના પહેલા જ થયા હતાં. પોતે પતિ સાથે સાઇટ પર રહી મજુરી કરતી હતી.

જયારે અન્ય એક અપમૃત્યુમાં ભક્તિનગર સ્ટેશન પ્લોટ ગોડાઉન રોડ પર આરાધના સોસાયટી-૧માં રહેતાં પચાસ વર્ષના મિતેષભાઇ છનુભાઇ જાદવ ગોંડલ રોડ બોમ્બે હોટેલ પાસે ખોડિયાર માતાજીના મંદિર નજીક ફટપાથ પર બેભાન થઇ જતાં સિવિલમાં ખસેડાયેલ. પરંતુ મોત થયું હતું. ભક્તિનગર પોલીસે કાર્યવાહી કરી હતી. મૃતક રખડતુ જીવન જીવતાં હતાં. તેના છુટાછેડા થઇ ગયા હતાં. સંતાનમાં બે પુત્રી અને બે પુત્ર છે. આમ અપમૃત્યુની નવ ઘટનાઓ બની હતી. મૃતકોના સ્વજનોમાં શોકની કાલીમા છવાઇ ગઇ હતી.

ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ સંચાલિત

# ભોજલરામ ઉત્કર્ષ ભવન ખાતે વૈદિક વિવાહનો પ્રારંભ



**તમામ જ્ઞાતિના લોકો વૈદિક વિવાહમાં જોડાઈ શકશે**

રાજકોટ મિરર, તા.૧૨

શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ આધ્યાત્મિક પ્રવૃત્તિઓની સાથે સાથે સમાજ ઉત્થાનની પણ અનેકવિધ પ્રવૃત્તિઓ કરી રહ્યું છે. ચેરમેન નરેશ પટેલના માર્ગદર્શન હેઠળ ટ્રસ્ટ દ્વારા આધ્યાત્મિક, શિક્ષણ, આરોગ્ય અને ખેતીલક્ષી પ્રવૃત્તિઓ ચાલી રહી છે. ત્યારે લગ્ન પ્રસંગોમાં ખોટા ખર્ચ ન થાય અને સમાજને એક નવીન દિશા મળે તેવા ઉદ્દેશ સાથે ખોડલધામ ટ્રસ્ટ- કાગવડ દ્વારા હિંદુ શાસ્ત્રોક્ત વિધિથી વૈદિક વિવાહની શરૂઆત કરવામાં આવી છે.

રાજકોટ શહેરમાં ૧૫૦ ફૂટ રીંગ રોડ પર આસ્થા ચોક પાસે આવેલા ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ સંચાલિત ભોજલરામ ઉત્કર્ષ ભવન ખાતે વૈદિક વિવાહનો આજે ગુરુવારથી પ્રારંભ થયો છે. ભોજલરામ ઉત્કર્ષ ભવન ખાતે પ્રથમ વૈદિક વિવાહ યોજાયા હતા. જેમાં અમરેલીના સાવરકુંડલાના ભરતભાઈ કારિયાની પુત્રીહસ્તી કારિયાના લગ્ન ગોંડલ તાલુકાના રીબ ગામના મુકેશભાઈ પીપળીયાના પુત્ર સંદીપ પીપળીયા સાથે યોજાયા હતા. વૈદિક વિવાહ પ્રસંગે બન્ને પક્ષ તરફથી ૨૫-૨૫ મહેમાનો ઉપસ્થિત રહ્યા હતા અને હિંદુ શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે વૈદિક વિવાહ સંપન્ન થયા હતા. આ તકે નવ દંપતીને ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના ટ્રસ્ટીઓએ મા ખોડલની પ્રતિમા

# PMના વિશેષ સલાહકાર-રાજદ્વારી ડો.દિપક વોહરા ૧૫મીએ રાજકોટમાં



રાજકોટ મિરર, તા.૧૨

હરીપર પાળ ખાતે ગ્રીનવુડ સ્કૂલમાં વિશિષ્ટ કાર્યક્રમ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સલાહકાર અને રાજદ્વારી ડો. દિપક વોહરા તા.૧૫ને રવિવારે, સવારે ૯:૩૦ થી ૧૨ :૩૦ આયોજીત એક કાર્યક્રમમાં હાજરી આપવા આવશે.

ચાર દાયકાથી વધુના તેમના કરિયરમાં તેમણે આર્મેનિયા, સુદાન, પોલેન્ડ અને લિથુઆનિયામાં રાજદૂત તરીકે ભારતનું પ્રતિનિધિત્વ કર્યું છે. તેઓ એક પ્રેરણાદાયી વકતા, વિઝનરી લેખક અને પ્રભાવશાળી સલાહકાર છે. વિશ્વભરના ૫૦ મિલિયનથી વધુ લોકોને પ્રેરિત કર્યા છે.

તેઓ વડાપ્રધાનના નરેન્દ્ર મોદીના ટેકનોલોજી સલાહકાર તરીકે પણ કામ કરી ચૂકયા છે. ડો. દિપક વોહરાના અધ્યક્ષસ્થાને યોજાનારા આ વિશિષ્ટ કાર્યક્રમમાં ભાગ લેવા ઈચ્છતા લોકોએ ૯૯૧૩૮ ૨૫૫૬૮ નંબર પર પોતાની બેઠક વ્યવસ્થા રજીસ્ટર કરાવી લેવા ગ્રીનવુડ ઈન્ટરનેશનલ સ્કૂલના સંચાલક મયુરધ્વજસિંહ જાડેજાની યાદીમાં જણાવાયુ છે.

# સહકારી મંડળીઓના ડીરેક્ટરોની જોગવાઈ અંગે સંસદમાં પ્રશ્નોત્તરી

**રાજ્યસભાના સાંસદ રામભાઈ મોકરિયા દ્વારા કરાયેલા પ્રશ્નનો જવાબ આપતા કેબીનેટ મંત્રી અમિત શાહ**


રાજકોટ મિરર, તા.૧૨

ચાલુ પાર્લામેન્ટ દરમિયાન રાજ્યસભા સાંસદ રામભાઈ મોકરીયા દ્વારા સહકાર વિભાગને એક પ્રશ્ન પૂછવામાં આવ્યો હોતો કે શું સહકારી વ્યવસ્થાપન, નાણા અને અન્ય ક્ષેત્રોમાં નિપુણતા ધરાવતા બહુ રાજ્ય સહકારી મંડળીઓના (મલ્ટી સ્ટેટ કોપરેટીવ સોસાયટી) બોર્ડમાં ડિરેક્ટરો માટે કોઈ જોગવાઈ કરવામાં આવી છે? અને જો એમ હોય તો તેની વિગતો આપવા રાજ્યસભાના સાંસદ રામભાઈ મોકરીયા દ્વારા માંગણી કરવામાં આવી હતી.



વિગતે પાર્લામેન્ટમાં પૂછવામાં આવેલ પ્રશ્નોના જવાબમાં કેન્દ્રીય કેબિનેટ મંત્રી અમિતભાઈ શાહ સહકાર વિભાગ દ્વારા જવાબ અપાયો હતો કે, બેન્કિંગ ક્ષેત્રે અનુભવ ધરાવતા કો-ઓપટેડ ડિરેક્ટરો માટે મલ્ટી સ્ટેટ કોપરેટીવ સોસાયટી એક્ટ,૨૦૦૨ની કલમ ૪૧ હેઠળ જોગવાઈ કરવામાં આવી છે. જેમાં સુધારો અધિનિયમ ૨૦૨૩ના નંબર ૧૧ દ્વારા જોગવાઈ કરવામાં આવેલ છે કે આવા મલ્ટી સ્ટેટ કો -ઓપરેટિવ સોસાયટી દ્વારા હાથ ધરવામાં આવતી વસ્તુઓ અને પ્રવૃત્તિઓને લગતા કોઈપણ ક્ષેત્રમાં મેનેજમેન્ટ, સહકારી વ્યવસ્થાપન અને ફાઈનાન્સ અથવા વિશેષતા ધરાવતા હોવા જોઈએ.

# મૃતકોના વારસદારોને અપાઈ સહાય



## ગોંડલ માર્કેટ યાર્ડ દ્વારા ચેક વિતરણ

રાજકોટ મિરર, ગોંડલ તા.૧૨

ગોંડલ માર્કેટિંગ યાર્ડ દ્વારા આકસ્મિક અવસાન પામનાર ખેડુત ખાતેદારના વારસદારોને ધારાસભ્યના પ્રતિનિધિ અને યુવા અગ્રણી ગણેશભાઇ તેમજ યાર્ડના વાઈસ ચેરમેન ધર્મેન્દ્રસિંહ જાડેજા, યાર્ડના ડિરેક્ટર કચરાભાઈ વૈષ્ણવ, વલ્લભભાઈ ડોબરીયા, તાલુકા ભાજપ પ્રમુખ અશ્વિનભાઈ ઠુંમર, શહેર ભાજપ મહામંત્રી સમીરભાઈ કોટડીયા સહીત આગેવાનો દ્વારા ચેક વિતરણ કરવામાં આવ્યા હતા.

ખંભાલીડાના ઉપેન્દ્રસિંહ જાડેજાનુ અવસાન થતા તેમના વારસદાર તરીકે નયનાબા જાડેજા, દેવચડીના હરેશભાઈ શિયાળાના વારસદાર શીતલબેન શિયાળ, દેરડી કુંભાજીના ભાવેશભાઈ ખાતરાના દેવશીભાઈ ખાતરા અને દેરડીના સોનલબેન ખાતરાના અનિલભાઈ ગોરસીયાને આકસ્મિક વીમા પોલીસી અંતર્ગત રૂપિયા પાંચ લાખના ચેક વિતરણ કરવામાં આવ્યા હતાં.

(ફોટોઃ કુલદીપસિંહ જાડેજા - ગોંડલ)

## હરીપર પાળ પ્રા. શાળામાં યોજાયો ફનફેર



રાજકોટ મિરર, ખીરસરા તા.૧૨

સુપેક ઇન્ડસ્ટ્રીઝ પ્રા. લી. અને આર્ચ ડેવેલોપમેન્ટ ફાઉન્ડેશન, વડોદરા ના સહકાર થી હરિપર(પાળ) તથા તેની આજુબાજુની કુલ ૫ પ્રાથમિક શાળાઓમાં બાળકોના સર્વાંગી વિકાસમાં મદદરૂપ થઈ શકે તે માટે પ્રોજેકટ પહેલ ચલાવવામાં આવે છે.

આ પ્રોજેકટ અંતર્ગત તાજેતરમાં હરિપર(પાળ) પ્રાથમિક શાળામાં બાળકો માટે ગમ્મત સાથે જ્ઞાન મળે તેવા ફનફેરનું આયોજન કર્યું હતું. જેમાં બાળકો દ્વારા ૪૫ જેટલા અલગ અલગ ખાણીપીવાના તેમજ ગેમ્સ ના સ્ટોલ બનાવવામા આવેલ આ ફનફેર માં પાંચ પ્રાથમિક શાળાના ૭૫૦ બાળકો સહિત કુલ ૮૫૦ વ્યક્તિઓએ ફનફેર માણ્યો હતો.

આ ફનફેરને સુપેક ઇન્ડ.ના ડાયરેકટર અશ્વિન શાહ, વાઇસ પ્રેસિડેન્ટ નિયતિ શાહ તેમજ અન્ય શાળાના આચાર્યના વરદ હસ્તે ખુલ્લો મુકાયો હતો.

# બંદર-બોટને લગતા પ્રશ્નો તાકીદે ઉકેલો : કલેકટર જાડેજા

**ગીર સોમનાથ જિલ્લા કલેક્ટર દિગ્વિજયસિંહ જાડેજાની અધ્યક્ષતામાં પ્રાંત કચેરીએ બેઠક યોજાઈ**





રાજકોટ મિરર, તા.૧૨

જિલ્લા કલેક્ટર દિગ્વિજયસિંહ જાડેજાની અધ્યક્ષતામાં પ્રાંત કચેરી ખાતે પોર્ટ વિસ્તાર, મત્સ્યોદ્યોગ વિભાગ, ગુજરાત મેરિટાઈમ બોર્ડ, ફૂડ વિભાગના અધિકારીઓની ઉપસ્થિતિમાં બોટ માલિકો, બોટ એસોસિએશન, જી.આઈ.ડી.સી એસોસિએશનના પ્રતિનિધિઓ સાથે વિવિધ વ્યવસ્થાઓ મુદ્દે એક બેઠક યોજાઈ હતી. કલેકટરએ સંલગ્ન વિભાગ પાસેથી બંદરના એન્ટ્રી અને એક્ઝિટ સુવ્યવસ્થિત કરવા વિષયક, બોટ બિલ્ડીંગ યાર્ડ, બોટ પાર્કિંગ, નેટ મેકિંગ અને દુકાનો માટે અલગ અલગ જગ્યા ફાળવવી અને આઇડલ બોટ માટે અલગ પાર્કિંગની વ્યવસ્થા, જર્જરિત પુલના વૈકલ્પિક રસ્તા, રણબારા, ફિંગરજેટી સહિતની વ્યવસ્થાઓ મુદ્દે માહિતી મેળવી હતી.

કલેક્ટરશ્રી સમક્ષ પ્રેઝન્ટેશનના માધ્યમથી આઈસ ફેક્ટરીને લગતા મુદ્દાઓ, એમોનિયા ગેસનું પરિવહન, કોલ્ડ સ્ટોરેજ વગેરેના ક્રાઈટેરિયા સહિત ખાવાલાયક બરફ અંગે ફૂડ એન્ડ ડ્રગ્સ કંટ્રોલ, ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના નિયમો, રજિસ્ટ્રેશન અને લાઈસન્સ, બરફ સંયત્રની મજૂરી માટેની સામાન્ય આવશ્યકતાઓ (સ્વતંત્ર/અલગ) બરફના નિકાસ માટે મત્સ્યઉત્પાદનોની પ્રક્રિયા માટે માન્ય સવલતો વગેરે મુદ્દાઓ રજૂ કરાયા હતાં. બોટની કામગીરી સાથે જોડાયેલા આગેવાનોએ બંદર અને બોટને લગતા પ્રશ્નો રજૂ કર્યા હતાં. જેનો ત્વરિત નિકાલ કરવા કલેક્ટરએ સંબંધિત વિભાગના અધિકારીઓને સૂચના આપી હતી. પ્રોસેસિંગ પ્લાન્ટ, આઈસ ફેક્ટરી, કોલ્ડ સ્ટોરેજ વિષયક બાબતો અંગે ઉપસ્થિત સર્વેને માર્ગદર્શિત કર્યા હતાં અને સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલી વિવિધ માર્ગદર્શિકાઓનું અચૂક પાલન થાય તેવી સૂચના આપી હતી.

# આજે સદભાવના વૃદ્ધાશ્રમની મુલાકાત લેશે CM






## વડીલોને મળીને સમસ્યાઓ જાણશે

રાજકોટ મિરર, તા.૧૨

મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ આજે શુક્રવારે પીપળીયા ભવન, સદભાવના વૃદ્ધાશ્રમની મુલાકાત લેશે. આ મુલાકાત દરમિયાન મુખ્યમંત્રી વડીલો સાથે સીધો સંપર્ક કરી તેમની સમસ્યાઓ અને આવશ્યકતાઓને સાંભળશે. મુખ્યમંત્રીના આગમનથી વૃદ્ધાશ્રમમાં રહેલા વડીલોમાં અત્યંત ઉલ્લાસ જોવા મળી રહ્યો છે, આ મુલાકાત માનવીય સંવેદનાઓનો એક અનોખો ઉદાહરણ બનશે. મુખ્યમંત્રીનું આ પગલું એ રાજ્યના નાગરિકોની જાળવણી અને આદર દર્શાવે છે.સદભાવના વૃદ્ધાશ્રમના વડીલો માટે મુખ્યમંત્રી સાથેની આ મુલાકાત એક મહત્ત્વપૂર્ણ ક્ષણ બની રહેશે. આ સાથે તેઓ મુલાકાતમાં વૃદ્ધાશ્રમની સેવાઓ અને સુવિધાઓનું નિરીક્ષણ પણ કરશે.

## ડો.બાબા સાહેબ આંબેડકરની પ્રતિમાને કરાઈ પુષ્પાંજલિ



**પેવર બ્લોકનું ખાતમુહુર્ત પણ કરાયું**

રાજકોટ મિરર, ખીરસરા તા.૧૨ : પારડી શીતળા માતાજીના મંદિર વિસ્તારમાં જે પારડી ૨ માં ડો બાબા સાહેબ આંબેડકર ચોકમાં ડો બાબાસાહેબ આંબેડકરના સ્ટેચ્યુએ સર્વે સંગઠનના તથા ગ્રામજનોએ ફૂલહાર કરેલ હતા ત્યારબાદ મોરચાના દ્વારા સરકારની ગ્રાન્ટમાંથી રૂપિયા ૧.૪૫ લાખની ડો. બાબા સાહેબ આંબેડકરના કમ્પાઉન્ડમાં પેવર બ્લોકની ગ્રાન્ટ મંજૂર કરવામાં આવેલ હતી જે પેવર બ્લોકનું ખાતમુહુર્ત કરાયું હતું. જેમાં રાજકોટ જિલ્લા પંચાયતના સદસ્ય મોહનભાઈ દાફડા, લોધીકા તાલુકા ભાજપ સંગઠન પ્રમુખ મુકેશભાઈ કમાણી, મહામંત્રી મોહનભાઈ ખુટ તેમજ લોધિકા તાલુકા પંચાયતના પ્રમુખ વિપુલભાઈ મોરડ, મૂળજીભાઈ, ધીરુભાઈ, મનુભાઈ, બદરુભાઈ, સુખદેવભાઈ અને મોટી સંખ્યામાં ગ્રામજનો હાજર રહ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા લોધિકા તાલુકા અનુસૂચિત જાતિ મોરચાના પ્રમુખ કિશોરભાઈ ખીમસુરીયા, મહામંત્રી પ્રકાશભાઈ પરમાર વિગેરેએ જહેમત ઉઠાવી હતી.

# રાજકોટ ખાતે સૌરાષ્ટ્ર-કચ્છ હિસાબી પરિવાર રમતોત્સવ યોજાશે

રાજકોટ મિરર, તા.૧૨

સૌરાષ્ટ્ર-કચ્છ હિસાબી કેડરના ૧૨ જિલ્લાઓમાં ફરજ બજાવતા અધિકારી તથા કર્મચારીઓ માટે સ્થાનિક ભંડોળ હિસાબ કચેરી દ્વારા આગામી તા.૧૪ ડિસેમ્બર શનિવારના રોજ સવારે ૮:૦૦ થી સાંજના ૬:૦૦ કલાક સુધી કોસ્મિક વિદ્યાસંકુલના મેદાન,ગ્રીન ફિલ્ડ ગ્રાઉન્ડ, જામનગર રોડ, આદર્શ માર્બલની બાજુમાં રાજકોટ ખાતે રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે.

આ રમતોત્સવમાં ભાઈઓ માટે ક્રિકેટ ટુર્નામેન્ટ તથા બહેનો માટે સંગીત ખુરશી, રસ્સા ખેંચ તથા લીંબુ ચમચીની સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવેલું છે. જેમાં સમગ્ર સૌરાષ્ટ્રની આઠ ટીમો તથા ૪૦ થી વધુ બહેનો રમત-ગમતમાં ભાગ લેશે.સમગ્ર આયોજનને સફળ બનાવવા વિભાગીય નાયબ નિરીક્ષક ની કચેરી સ્થાનિક ભંડોળ હિસાબના નંદાણીયા, બી.જે.મહેતા, કરમુર, દેસાઈ, આર.જે માંડલિયા તથા પી.એમ.જાડેજા તથા કીર્તિબા વાઘેલા,ક્રિષ્નાબેન અગ્રાવત, તૃપ્તિબેન લાંધણોજા, હેતલબેન ચેતા સહિતના જહેમત ઉઠાવી રહ્યા છે તેમ રાજકોટ ઝોનમાં વિભાગીય નાયબ નિરીક્ષક આર.જે.માંડલિયાની યાદીમાં જણાવાયું છે.

## અવસાન નોંધ

રાજકોટ : વિરજીભાઇ કેશવજીભાઇ રામાણી(ઉ.વ.૧૦૦)નું તા.૧૦ના રોજ અવસાન થયેલ છે. બેસણું : તા.૧૪ને શનિવારે સાંજે ૪ થી ૬, નહેરૂનગર કોમ્યુનીટી હોલ, નાનામોવા રોડ, મારવાડી બિલ્ડીંગની સામે, રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટ શહેરમાં છ મકાનોમાં ત્રાટકેલી ચડ્ડી-બનીયાનધારી ગેંગનો લીડર એલસીબી ઝોન-૨ના હાથે ઝડપાયો**

# ચડ્ડી પહેરેલો સુત્રધાર ચોર ઘરમાં ઘુસતો, બે સાગ્રીત ધ્યાન રાખતાં

**રાતે હાઈવે નજીકની સોસાયટીઓમાં બંધ ઘર-ફ્લેટની રેકી કરી પછી ત્રાટકતાંઃ જો કોઈ જાગી જાય તો સામનો કરવા હાથમાં પાણકા રાખતાં**

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર, તા. ૧૩**

શહેરમાં અવાર-નવાર ઘરફોડ ચોરીઓના બનાવો બનતાં રહે છે. અમુક ગુનાઓને પોલીસ ડિટેક્ટ કરી ચોરને પકડી લેવામાં સફળ થતી હોય છે. તો અમુક ગુનાઓ ઉકેલાતા હોતા નથી. અમુક કિસ્સાઓમાં સીસીટીવી કેમેરાઓમાં ચડ્ડી-બનીયાનધારી ચોર પણ નજરે પડતાં હોય છે. આવા ચોરને પકડવાનું બહુ મુશ્કેલ હોય છે. કારણ કે બહારના રાજ્યોમાંથી આ ચોર આવતાં હોય છે. દરમિયાન શહેરની એલસીબી ઝોન-૨ની ટીમ આવી ચડ્ડી બનીયાનધારી ટોળકીના એક સુત્રધારને પકડી લેવામાં સફળ થઇ છે. જેણે રાજકોટમાં છ ચોરીઓ કરી હતી. આ સુત્રધાર ચડ્ડી પહેરી મોઢે બુકાની બાંધી જે તે ઘરની રેકી કરી તેમાં તાળા તોડીને ઘુસી જતો હતો અને તેના બે સાગ્રીતો બહાર ધ્યાન રાખીને ઉભા રહેતાં હતાં.

વિગતો પર નજર કરીએ તો શહેરમાં અને ભાગોળે અવાર-નવાર સોસાયટીઓમાં ચડ્ડી બનીયાનધારી ટોળકી ત્રાટકી ચોરીઓ કરી જતી હોય છે. દરમિયાન એલસીબી ઝોન-૨ ટીમે ચોક્કસ બાતમી પરથી ચડ્ડી બનીયાનધારી ટોળકીના સુત્રધાર મધ્યપ્રદેશના અલીરાજપુરના જોબટ તાબેના કદવાલ ગામના રઘન બૈરાંગભાઇ અમલીયારને દબોચી લીધો છે. તેની પુછતાછમાં તેના સાગ્રીતો કદવાલના ઓનલ ભવાનસિંગ બઘેલ અને રાજુ કેકડીયાભાઇ બઘેલના નામો ખુલ્યા છે.

ઝડપાયેલા ગેંગલીડર રઘન અમલીયારે ાજકોટમાં ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ઘરફોડ ચોરીના ત્રણ ગુનાઓ સાગ્રીતો સાથે મળી આચર્યા હતાં. આ ઉપરાંત નહિ નોંધાયેલા અન્ય ત્રણ ગુનાની પણ કબુલાત આપી છે. શહેરમાં ઘરફોડ



ચોરીના બનાવો બનતા અટકાવવા અને આવા નોંધાયેલા ગુના ડિટેક્ટ કરવા સુચના મળી હોઇ એલસીબી ઝોન-૨ ટીમ કામે લાગી હતી. આઈવે પ્રોજેક્ટના સીસીટીવી કેમેરા, બનાવ સ્થળ આસપાસથી ખાનગી કેમેરાના ફુટેજ, બાતમીદારો, ટેકનીકલ સોર્સનો ઉપયોગ કરી તપાસ શરૂ કરવામાં આવતાં પાક્કી માહિતી મળી હતી કે ગાંધીગ્રામમાં નોંધાયેલી ત્રણ ઘરફોડ ચોરીઓ કે જેમાં ચડ્ડી બનીયાનધારી ટોળકી સામેલ હતી તેનો સુત્રધાર એમપીનો રઘન અમલીયાર છે.

આ બાતમી પરથી રઘનને અમદાવાદથી પકડી લેવાયો છે. રઘને બીજા બે સાગ્રીતો અનિલ અને રાજુ સાથે મળી ગાંધીગ્રામમાં વર્ષ ૨૦૨૨-૨૩માં નોંધાયેલા ચોરીના ત્રણ ગુના કબુલ્યા છે. જ્યારે અન્ય ત્રણ ગુનાઓની કબુલાત આપી હતી. આ છએય ગુનોમાં મોરબી બાયપાસ શ્રીનાથજી એપાર્ટમેન્ટના ફ્લેટ નં. ૨૦૪માંથી રોકડ, દાગીનાની ચોરી, નાગેશ્વર વિસ્તારમાં રોયલ હોમ્સ ફ્લેટ નં. ડી-૨૦૨માં સોના ચાંદીના દાગીનાની ચોરી, સવા વર્ષ પહેલા નાગેશ્વર વિસ્તાર પટેલ ચોકમાં સંતોષ કરીયાણાનુ.શટર ઉંચકી ૮૦૦૦ રોકડા, તેલનો ડબ્બો, ડબલુ, કાજુ બદામ, સાબુના બોક્સની ચોરી કરી હતી. તેમજ બે વર્ષ પહેલા નાગેશ્વર રોયલ હોમ્સ એપાર્ટમેન્ટમાં એક ફ્લેટમાં ત્રાટક્તા હતાં પણ કંઇ મળ્યુ નહોતું.

તેમજ સવા વર્ષ પહેલા નાગેશ્વર સનપ્રાઇડ એપાર્ટમેન્ટના ફ્લેટમાં પણ ચોરીનો પ્રયાસ કર્યો હતો. જ્યારે બે વર્ષ પહેલા મોરબી બાયપાસ શ્રીનાથજી એપાર્ટમેનટના ફલેટમાં ઘુસી ગયા હતાં. અહિથી પણ કંઇ મળ્યું નહોતું. ઝડપાયેલો રઘન ગુનાહિત ઈતિહાસ ધરાવે છે. તે વડોદરા, જામનગર શેઠવડાળામાં ચોરીના ચાર ગુનામાં પકડાયો હતો. તેમજ જેનુ નામ ખુલ્યું છે તે રાજુ અમદાવાદ-યુનિવર્સિટીમાં ૪ ગુનામાં પકડાયો હતો. આ ટોળકી મોડી રાતે જે તે શહેરના હાઈવેથી નજીકની સોસાયટીના બંધ ફ્લેટ, મકાનની રેકી કરી કપડા કાઢી માત્ર ચડ્ડી પહેરી, બુકાની બાંધી હાથમાં પથ્થરો રાખી ચોરી કરવાની ટેવ ધરાવે છે. આ ટોળકીની મોડસ ઓપરેન્ડી એવી છે કે સુત્રધાર રઘન ઘરમાં તાળા તોડીને ઘુસે છે અને બીજા બે બહાર ધ્યાન રાખે છે. ચોરીમાં જે કંઇ મળે તે લઇને તુરંત વતન મધ્યપ્રદેશ તરફ ભાગી જાય છે. પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી મહેન્દ્ર બગડીયા, ડીસીપી ઝોન-૨ જગદીશ બાંગરવાની સુચના અનુસાર એલસીબી ઝોન-૨ પીએસઆઇ આર. એચ. ઝાલા, એએસઆઇ જે. વી. ગોહિલ, હેડકોન્સ. રાજેશભાઇ મિયાત્રા, રાહુલભાઇ ગોહેલ, શક્તિસિંહ ગોહિલ, હેમેન્દ્રભાઇ વાઘીયા, કોન્સ. ધર્મરાજસિંહ ઝાલા, કુલદીપસિંહ રાણાની ટીમે આ કામગીરી કરી હતી. ઝડપાયેલા રઘન અને તેના સાગ્રીતોએ બીજા કોઇ ગુના આચર્યા છે કે કેમ? તેની વધુ તપાસ થઇ રહી છે.

### પ્રધુમનનગર પોલીસે સબ રજીસ્ટ્રાર કચેરીના કર્મચારી, પુર્વ કર્મચારી અને વકિલ સામે નોંધ્યો ગુનોઃ અત્યાર સુધીમાં ૧૭ મિલ્કતોના બનાવ્યા હતાં બોગસ દસ્તાવેજ

# એક વર્ષથી ધમધમતુ'તું નકલી દસ્તાવેજનું કારસ્તાનઃ સામગ્રી કબ્જે

## જુના ૧૯૫૬થી ૧૯૭૨ સુધીના દસ્તાવોજોનો નાશ કરી સ્કેનીંગ કોપીમાં છેડછાડ કરી કિંમતી મિલ્કતો પચાવવા કાવત્રુ ઘડ્યું હતું

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર, તા. ૧૩**

શહેરની સબ રજીસ્ટ્રાર કચેરી- ઝોન ૧માં કોન્ટ્રાક્ટ બેઝથી નોકરી કરતાં કર્મચારીએ અગાઉ નોકરી કરી ચુકેલા એક શખ્સ અને એક વકિલે મળીને પુર્વ યોજીત કાવત્રુ રચી કચેરીમાં રહેલા અસલી દસ્તાવેજોનો નાશ કરી કોમ્પ્યુટરમાં રહેલા હસ્તલેખીત ૧૯૫૬થી ૧૯૭૨ની સાલના સત્તર દસ્તાવેજોમાં છેકછાક કરી ખોટા દસ્તાવેજો બનાવી તેનો ખરા તરીકે ઉપયોગ કયાનું ખુલતાં ચકચાર મચી ગઇ છે. પોલીસે એક શખ્સને પકડી લીધો છે. આ કૌભાંડમાં સુત્રધાર મનાતા સોની શખ્સના ભાડાના ફલેટમાંથી નકલી દસતાવેજો બનાવવાની સામગ્ર, મશીન કબ્જે કરાયા છે. એકાદ વર્ષથી આ કારસ્તાનને અંજામ આપવામાં આવી રહ્યો હોવાનું ડીસીપી ઝોન-૨ જગદીશ બાંગરવાએ જણાવ્યું હતું.

કૌભાંડમાં એક શખ્સ કે જે કચેરીનો કર્મચારી છે તે પકડાઇ ગયો છે તેના રિમાન્ડ લેવાની તજવીજ થઇ છે. બીજા બેના નામ ખુલ્યા હોઇ તેની શોધખોળ થઇ રહી છે. આ ત્રણેયએ મળી જુના દસ્તાવેજોનો નાશ કરી કોમ્પ્યુટરમાં રહેલી કોપીમાં મિલ્કતના સ્થળ અને નામો ફેરવી ખોટા દસ્તાવેજોના આધારે જે તે જુનીપુરાણી મિલ્કતો-જમીનો વેંચી મારવાનું જબરૂ કાવત્રુ ઘડ્યાનું ખુલ્યું છે. આ કૌભાંડમા પ્રદ્યુમનનગર પોલીસે કોઠારીયા રોડ ન્યુ સ્વાતિપાર્ક બી-૧૪૩માં રહેતાં અને સબ રજીસ્ટ્રાર કચેરી ઝોન-૧ (શહેર) ખાતે સબ રજીસ્ટ્રાર તરીકે ફરજ બજાવતાં અતુલભાઇ મધુભાઇ દેસાઇની ફરિયાદ પરથી હર્ષ સાહેલીયા ઉર્ફે હર્ષ સોની, જયદિપ ઝાલા અને એડવોકેટ કિશન ડી. ચાવડા વિરૂધ્ધ આઇપીસી ૪૨૦, ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૪૭૭, ૪૪૭, ૧૨૦-બી અને ૩૪ મુબ ગુનો નોંધી એક આરોપી જયદિપ ઝાલાની ધરપકડ કરી રિમાન્ડ મેળવવા તજવીજ કરી હતી.

અતુલ દેસાઇએ ફરિયાદમાં જણાવ્યું છે કે હું ૨૦૨૨થી સબ રજીસ્ટ્રાર તરીકે ફરજ બજાવુ છું. ગત તા. ૨૪/૧૦/૨૪ના રોજ મામલતદાર પશ્ચિમ તરફથી ઇ-ધરા/ફા નં.૩૩/૨૦૨૪ તા. ૨૨/૧૦/૨૪નો પત્ર ગામ રૈયાના સર્વે નં. ૨૭૭/૧ના પ્લોટ નં. ૪૨ના ગામ નમુના નં. ૨માં દાખલ કરવામાં આવેલ નોંધ રદ્દ કરવા માટે અમને મળ્યો હતો. જેમાં સામેલ થઇને આવેલ દસ્તાવેજ નં. ૧૩૦૨/૧૯૭૨ની ખરાઇ કરવા જણાવાયું હતું. જેથી મેં અમારી કચેરીના કોમ્પ્યુટરમાં રહેલા સ્કેનીંગ થયેલા હસ્તલેખીત રેકર્ડમાંથી દસ્તાવેજ તથા મામલતદારશ્રીના પત્ર સાથે સામેલ થઇને આવેલ દસ્તાવેજની નકલ સરખાવતાં તેમાં વિસંગતતા જોવા મળી હતી.

મુળ દસ્તાવેજ નં. ૧૩૦૨/૧૯૭૨ની વિગત જોતાં તેમાં નોંધણીને આનુસંગીક રેકર્ડ ઇન્ડેક્ષ-૧ જેમાં નોંધણી કરવામાં આવેલ મિલ્કત વેંચનાર લેનાર પક્ષકારોના નમા-મિલ્કતનું સ્થળ લખવામાં આવેલ હોય છે તે તપાસતાં તે મઘરવાડા ગામમાં આવેલી મિલ્કતનો છે. જેમાં લખાવી લેનાર પક્ષકાર કચરા ઉર્ફ કરસન સવાભાઇ અને લખી આપનાર વિરજી સવજી નામે છે. સ્કેનીંગ રેકોર્ડમાં ઉપલબ્ધ મુળ દસ્તાવેજમાં એક માત્ર પાના નં. ૨૯૧માં પણ ઉપરના પક્ષકારોનો ઉલ્લેખ છે. સ્કેનીંગ રેકર્ડમાં મુળ દસ્તાવેજના પાના નં. ૨૯૧માં જે તે સમયના રજીસ્ટ્રાર ગો. દ. ગાંધી સમક્ષ રજુ થયેલ છે. જેમાં સ્ટેમ્પની વિગત રૂા.૨-૦૦ તથા રૂા. ૧૦૦ તથા રૂા. ૨૫ કચરા ઉર્ફ કરસન સવાભાઇના નામે ૧૮/૩/૧૯૭૨ના રોજ સ્ટેમ્પ વેન્ડર શાંતિલાલ ગોવિંદજી પાસેથી ખરીદ કરેલ છે.



ડીસીપી જગદીશ બાંગરવાએ કહ્યું-હર્ષ સોનીના ફ્લેટમાંથી બોગસ દસ્તાવેજો બનાવવાના સ્ટેમ્પ, કાગળો, મશીનો કબ્જે થયા

આ રીતે અન્ય સોળ દસ્તાવેજો કે જે જુના અને અસલી હતાં તેનો નાશ કરી કોમ્પ્યુટરમાં રહેલી સ્કેનીંગ કોપીમાં છેકછાક કરી મુળ માલિકો વેંચનારાના નામો બદલી નવા ખરીદરનાર, વેંચનારના નામો જોડી તેમજ મિલ્કતના સ્થળ પણ બદલી નાંખી ખોટા દસ્તાવેજો ઉભા કરી કરોડોની કિંમતી જમીનો હડપ કરી જવાનું આ કાવત્રુ હોવાનું ખુલ્યું છે. તપાસ કરતાં જાણવા મળેલુ કે મામલતદારના પત્ર સાથેના દસ્તાવેજમાં પાનાની સંખ્યા ૨૯૧થી ૨૯૭ છે. જ્યારે સ્કેનીંગ ડેટામાં ઉપલબ્ધ દસ્તાવેજની નકલમાં પાનાની સંખ્યા ૨૯૧થી ૨૯૫ છે. રૈયા ગામની ઇન્ડેક્ષ-૨ તપાસતા આ દસ્તાવેજમાં જણાવેલ મિલ્કતની તથા પક્ષકારોની એન્ટ્રી મળી આવી નથી. આ રીતે સાચા દસ્તાવેજ મુજબ મઘરવાડાની મિલ્કતનું રેકર્ડ દૂર કરી મોજે ગામ રૈયાની મિલ્કતનું ખોટુ રેકર્ડ દાખલ કરી મુળ સાચા દસ્તાવેજ નંબરનો ખોટો દસ્તાવેજ બનાવવામાં ઉપયોગ કર્યો છે.

સબ રજીસ્ટ્રારે નોંધાવેલી એફઆઇઆરમાં આગળ જણાવાયું છે કે તા. ૨૨/૧૦/૨૪ના રોજ ગરવી-૨.૦ સોફ્ટવેર મારફત જનરેટ કરેલ ઇ-ચલણની અરજીમાં કિશન ડી. ચાવડાના નામની અરજી લઇને સબ રજીસ્ટ્રાર કચેરીમાં આઉટ સોર્સથી કાર્યરત બીએલએસ ઇન્ટરનેશનલ કંપનીના રાજકોટ જીલ્લાના સુપરવાઇઝર જયદિપ ઝાલા માંગણી કરવા આવેલ અને તાત્કાલીક નકલ આપવા વિનંતી કરી હતી. જો કે આ નકલ તેને આપવામાં આવી નથી. વળી તેણે અગાઉ આ કચેરીમાંથી આવી નકલ મેળવી હોવાનું અમને જણાવ્યું હતું.

જેથી અમે જયદિપ ઝાલાને પુછતાં તેણે કહેલુ કે આ દસ્તાવેજની ખરી નકલ કઢાવવા માટેનું કામ કિશન ચાવડાએ હર્ષ સોનીને આપ્યું હતું. હર્ષ સોનીએ મારો સંપર્ક કરી કિશન ચાવડાના નામથી અરજી કરવા અને ખરી નકલ કઢાવવા માટે મને કામ સોંપ્યું હતું. અમારી કચેરીના દસ્તાવેજ નોંધણીને લગતા આનુસંગીક રેકર્ડ તથા કોમ્પ્યુટરમાં રહેલ રેકર્ડમાં છેડછાડ કર્યાનું અમારા ધ્યાને આવ્યું હતું. રેકર્ડમાં તારીખ વાઇઝ અન્ય રેકર્ડ ખોટી રીતે ચડાવવામાં આવેલ અને તેમાં ફેરફાર કર્યાની વિગતો પણ સામે આવી હતી. આ વિગતો નીચે મુજબ છે.

જેમાં દસ્તાવેજ નં. ૨૧૦૮/૧૯૫૬ના મુળ દસ્તાવેજ ડુંગર રાજા-રહે. મવડી અને લખાવી લેનાર રવજી હીરા-મવડીનો હતો. તેમાં છેકછાક કરી લખાવી લેનાર તરીકે સિપાઇ બહાદુર ચાંદભાઇ રહે. બંધીયા ગોંડલ અને લખી આપનાર પ્રેમજી ગોવિંદ પટેલ રહે. કેનાલ રોડ રાજકોટ લખી નાખ્યું છે. તેમજ દસ્તાવેજ નંબર ૨૧૦૯/૧૯૫૬નો દસ્તાવેજમાં ઇન્ડેક્ષ-૨૨માં ફેરફાર કરી તેમજ વોલ્યુમ નંબરમાં ફેરફાર કર્યો છે. તેમજ દસ્તાવેજ નં. ૧૩૦૫/૧૯૭૨માં મઘરવાડાની મિલ્કતની એન્ટ્રી થઇ છે તેમાં છેડછાડ કરેલ છે.

અન્ય દસ્તાવેજ નં. ૧૨૨૪/૧૯૨૯, દસ્તાવેજ ૯૭૩/૧૯૭૧, દસ્તાવેજ નં. ૧૪૦૩/૧૯૭૧, દસ્તાવેજ નં. ૨૫૫/૧૯૭૧, દસ્તાવેજ નંબર ૨૬૫/૧૯૭૧, દસ્તાવેજ નંબર ૧૪૦૨/૧૯૭૧, દસ્તાવેજ નંબર ૬૩૬૧/૧૯૭૦, દસ્તાવેજ નં. ૧૧૦૫/૧૯૭૦, દસ્તાવેજ નં. ૨૬૮૧/૧૯૬૭, દસ્તાવેજ નં. ૨૬૮૬/૧૯૬૭, આ જ રીતે દસ્તાવેજ નં. ૩૫૬૩/૧૯૬૭, દસ્તાવેજ નં. ૧૪૬૪/૧૯૭૦ તેમજ દસ્તાવેજ નં. ૧૯૧૪/૧૯૫૬ અને દસ્તાવેજ નં. ૧૨૮૪/૧૯૫૯માં છેકછાક કરી મુળ ખરીદનાર-વેંચનારના નામોની જગ્યાએ હાલના ખરીદનાર-વેંચનારના નામો ઉમેરી તેમજ જે તે મિલ્કતનું સ્થળ પણ બદલી નાખી ખાલી જમીનો પડી હોય તે મિલ્કત દર્શાવી દઇ ખોટો દસ્તાવેજ ઉભો કરી લખાવી લેનાર લખી આપનારના નામો ચડાવી દેવાયા હતાં. આવા ૧૭ બોગસ દસ્તાવેજો ઉભા કરાયા હતાં.

ત્રણેય કૌભાંડીઓએ સત્તર જુના પુરાણા દસ્તાવેજોમાં છેડછાડ કરી જબરૂ કૌભાંડ આચર્યાનું સામે આવતાં પોલીસ પણ ચોંકી ગઇ હતી. એક આરોપી જયદિપ ઝાલા ઝડપાઇ ગયો હોઇ તેના રિમાન્ડ દરમિયાન વિશેષ વિગતો ખુલશે. ડીસીપી જગદીશ બાંગરવા, એસીપી રાધિકા ભારાઇની સુચના અનુસાર પ્ર.નગર પોલીસ ઇન્સ્પેક્ટર બી. એમ. ઝણકાત, પી.આર. ડોબરીયા, પીએસઆઇ બેલીમ સહિતે તપાસ શરૂ કરી છે. આ કૌભાંડમાં સામેલ હર્ષ સોનીએ ભાડે રાખેલા બીલખા પ્લાઝા નજીકના ફ્લેટમાં જ બોગસ દસ્તાવેજો બનતા હતાં. ત્યાંથી નકલી દસ્તાવેજો બનાવવા માટેના સ્ટેમ્પ, મશીન, સિલ્વર પેપર વગેરે જપ્ત કરાયા છે. એકાદ વર્ષથી આ કારસ્તાન ચાલતુ હતું. હર્ષ અને વકિલ કિશન પકડાયા બાદ વધુ વિગતો ખુલશે તેવો અણસાર ડીસીપી બાંગરવાએ આપ્યો હતો.

# બે ચોરાઉ બાઈક-રોકડ સાથે ત્રણ ઝડપાયા

## પકડાયેલા તસ્કરોમાં ૨ કાયદાના સંઘર્ષમાં આવેલા કિશોરઃ રૂ. ૬૭,૫૦૦નો મુદ્દામાલ કબજે કરતી પોલીસ







રાજકોટ,તા.૧૩

ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનની સર્વેલન્સ સ્કવોડની ટીમે એક પુખ્ત તેમજ બે કાયદાના સંઘર્ષમાં આવેલા કિશોર મળીને ત્રણેયને બે ચોરાઉ બાઈક અને ચોરેલી રકમ સાથે પકડી પાડી તપાસ શરુ કરી છે. પોલીસે હાલ રૂ. ૬૭, ૫૦૦નો મુદ્દામાલ કબજે કર્યો છે.

મળતી વિગતો મુજબ ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનના પીઆઇ કે જે કરપડાના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કવોડના પીએસઆઇ એસ.બી.જાડેજા સહિતનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો. ત્યારે હેડ કોન્સ્ટેબલ મસરીભાઈ ભેટારીયા, પ્રદીપભાઈ ડાંગર, મુકેશભાઈ સબાડ અને રોહિતદાન ગઢવીને સંયુક્ત બાતબી મળી હતી કે, જામનગર રોડ ઉપર, ઘંટેશ્વર ૨૫ વારીયા આગળ, બે કાયદાના સંઘર્ષમાં આવેલા બાળકો અને એક પુખ્ત એમ ત્રણ શંકાસ્પદ શખ્શો બે બાઈક સાથે ઊભા છે. આવી બાતમીના આધારે પોલીસે ત્યાં પહોંચી બાઈક બાબતે પૂછપરછ કરતા બાળકો સહિતના આરોપીઓએ બાઈકના કોઈ આધાર પુરાવા કે કાગળો ન હોવાનું તેમજ ચોરાઉ બાઈક હોવાની કબુલાત આપી હતી. આ ત્રણે સખ્શોએ આજથી સાતેક મહિના પહેલા બજરંગવાડી શેરી નંબર ૧૪માંથી બાઈક ચોરી કરી હોવાની કબુલાત આપી હતી. આ સમયે બંને બાળ કિશોરોની અંગ જડતી કરવામાં આવતા તેમની પાસેથી રૂપિયા ૨૭,૫૦૦ રોકડા મળ્યા હતા. રોકડ બાબતે ત્રણેયએ કબૂલ્યું હતું કે આજથી પાંચેક દિવસ પહેલાં મોડી રાત્રીના હનુમાનમઢી ચોકી આગળ આવેલી એક પાનની દુકાનનો પાછળનો દરવાજો તોડી તેમાંથી રોકડ રકમની ચોરી કરી હતી. આ સિવાય ત્રણેય અન્ય એક બાઈક પણ ચોર્યું હોવાની કબુલાત આપી હતી. પકડાયેલા આરોપીમાં અમિત ઉર્ફે મીત વિપુલ સોલંકી (રહેવાસી વેલનાથ-૨, ભક્તિનગર હુડકો, રાજકોટ) સહિત બે કાયદાના સંઘર્ષમાં આવેલા બાળકોનો સમાવેશ થાય છે.

પોલીસે ત્રણેય પાસેથી બે બાઈક તેમજ રોકડ મળી કુલ રૂપિયા ૬૭,૫૦૦ નો મુદ્દામાલ કબજે કર્યો છે કબજે કરેલા બાઈકમાં જીજે ૦૩ એજી ૦૨૫૯ તેમજ જીજે ૦૩ જીબી ૩૪૭૭ નંબરના બાઈકનો સમાવેશ થાય છે.

બે સગીર તેમજ એક પુખ્ત એમ ત્રણેય તસ્કરોને પકડવામાં પીઆઇ કે.જે. કરપડા, પીએસઆઇ. એસબી જાડેજા, હેડ કોન્સ્ટેબલ મસરીભાઈ ભેટારીયા, ભગીરથસિંહ જાડેજા, સબીરખાન મલેક, કોન્સ્ટેબલ રોહિતદાન ગઢવી, મુકેશભાઈ સબાડ, પ્રદીપભાઈ ડાંગર, રઘુવીરસિંહ જાડેજા, ભરતભાઈ મકવાણા સહિતનો સ્ટાફ રોકાયો હતો.

# દારૂના ૪ દરોડામાં ૭.૦૯ લાખના દારૂ સાથે ૫ પકડાયા

આજીડેમ, માલવિયા, એરપોર્ટ, અને કુવાડવા પોલીસના દરોડા

રાજકોટ મીરર, તા.૧૨

શહેરમાં આજીડેમ પોલીસના એ.એસ.આઈ હારૂનભાઇ ચાનીયા પેટ્રોલિંગમાં હતા. ત્યારે ગઢકા મેઇન રોડ, વાસુકી નામના કારખાના પાસે એક શખ્સ શંકાસ્પદ હાલતમાં જોવા મળ્યો હતો. આ શખ્સનું નામ પૂછતા ભુપત બાબુ સાકરીયા હોવાનું જણાવ્યું હતું. પોલીસે તેમની અંગ જડતી કરતા તેમની પાસેથી રૂ. ૫૫૦ની દારૂની બે બોટલ મળી આવતા તેમની ધરપકડ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી. બીજા દરોડામાં માલવીયા નગર પોલીસ સ્ટેશનના હેડ. કોન્સ. કુલદીપ સિંહ તેમજ કોન્સ વિજયભાઈ પેટ્રોલિંગમાં હતા. ત્યારે બાતમી મળી હતી કે અક્ષર માર્ગ ભરાડ સ્કૂલની પાછળ ગૌતમ નગર શેરી નંબર ૩ ના ખૂણે, ધવલ ચૌહાણ નામનો શખ્સ ઊભો છે. સાથે પ્લાસ્ટિકના બાચકામાં ઇંગ્લિશ દારૂની બોટલો પણ છે. પુછપરછ કરતા પોતે ધવલ દિલીપ ચૌહાણ હોવાનું જણાવ્યું હતું. પોલીસે તેમની પાસેથી દારૂની ૧૨ બોટલ મળી કુલ રૂ. ૮૦૭૬નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

ત્રીજા દરોડામાં એરપોર્ટ પોલીસ સ્ટેશનના એ.એસ.આઈ જયંતિલાલ પરમાર, પો. કો યુવરાજસિંહ જાડેજા સારંગભાઈ રાત્રી પેટ્રોલિંગમાં હતા, દરમિયાન બાતમી મળી હતી કે કુવાડવા-વાંકાનેર રોડ ખેરવા ગામના પાટિયા પાસે રજી. નં જીજે-૧૩-એએક્સ-૨૫૮૭ નંબરની બોલેરોમાં વિદેશી દારૂનો જથ્થો ભરેલ છે. આ બોલેરો પીપરડી ગામના પાટીયાથી હાઈવે તરફ આવે છે. આવી બાતમી મળતા પીપરડી ગામના પાટિયા પાસે પોલીસે ડોગવોચ ગોઠવી હતી. તે સમયે આ બોલેરો આવતા તેને રોકી બોલેરોમાં બેઠેલા શખ્શનું નામ પૂછતા તેમણે સંજય શામજી વિંજવાડિયા (રહે. ઝાલાવાડ પોટરી પાસે, રવિનગર, અંબેમાના મંદિર પાસે, થાન જી સુરેન્દ્રનગર) હોવાનું જણાવ્યું હતું. દરમિયાન પોલીસે બોલેરો તપાસતા તેમાંથી ખાખી કલરના બોક્સમાંથી દારૂની ૨૭૫ બોટલ મળી આવી હતી. પોલીસે દારૂ, બોલેરો અને મોબાઈલ મળી રૂ.૫,૨૮,૧૨૫ ના મુદ્દામાલ સાથે સંજયની અટક કરી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

જ્યારે ચોથા દરોડામાં પો.હેડ કોન્સ. કુલદીપસિંહ, પો. કોન્સ યુવરાજસિંહ શહેરના વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતાં ત્યારે બાતમી મળી હતી કે અમદાવાદથી રાજકોટ આવતા વન સંશોધન કેન્દ્રની સામે રોડ ઉપર એક સેન્ટ્રો કાર જી.જે.૦૫.સી.જે. ૮૭૫૧ ઊભી છે. તેમાં ઇંગ્લિશ દારૂ ભરેલો છે, સાથે એક શખ્સ પણ હાજર છે. બાતમી પરથી પોલીસે ત્રાટકી ઉભેલી કારની તલાશી લેતા તેમાં બેઠેલા વિજયસિંહ અરવિંદસિંહ ગોહિલ (રહે. મસ્જિદની પાછળ, લીલા પીરસી હોરજી, ભાવનગર) વાળો હોવાનું જણાવ્યું હતું. કારમાંથી ઈંગ્લીશ દારૂની ૩૬ બોટલ મળી હતી. આ બોટલો ફેજલ ઉર્ફે કાચબો યુનુંસભાઈ ઠાસરીયા (રહે. રાજકોટ) વાળો આપી ગયો હોવાનું જણાવ્યું હતું. પોલીસે દારૂ, કાર મળી કુલ રૂ.૧,૭૨,૫૪૦ નો મુદ્દા માલ કબજે ફેજાલની શોધખોળ આદરી છે.

**જુગાર દરોડામાં ૩ પકડાયા**

શહેરના નારાયણ નગર, શેરી નંબર ૯ ના ખૂણા પાસે જાહેરમાં જુગાર રમાતો હોવાની બાતમી પરથી આજીડેમ પોલીસે જુગાર દરોડો પાડતા ૩ શખ્સો એક હજારથી વધુની રકમ સાથે પકડાઈ ગયા હતા

જેમાં અક્ષય ઉર્ફે સંજય વિનુ સંધાણી, ભલા વિનું સંધાણી, મુકેશ ચના સરવૈયા (રહે. તમામ નારાયણ નગર શેરી નંબર ૯ કોઠારીયા સોલવંટ ) નો સમાવેશ થતો હોવાનું પોલીસે જણાવ્યું હતું.

# પુનિતનગર ટાંકા વિસ્તારમાંથી કોલેજીયન યુવતીનું અપહરણ

## માધાપર ચોકડી વિસ્તારમાંથી કિશોર ગૂમ




રાજકોટ મિરર, તા.૧૨

શહેરની વિશ્વકર્મા સોસાયટીમાં રહેતા એક વાલીએ તેમની કોલેજમાં ભણતી, સગીર યુવતીનું કોઈ અપહરણ કરી ગયાની માલવિયાનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ ફરિયાદમાં વાલીએ જણાવ્યું છે કે પોતાની ૧૭ વર્ષ ૬ મહિના અને ૧૯ દિવસની પુત્રી મુંજકા વિસ્તારની એક કોલેજમાં બીકોમના પહેલા વર્ષમાં અભ્યાસ કરે છે. દરરોજ રાબેતા મુજબ પોતાના ઘરેથી કોલેજ અપડાઉન કરે છે. પરંતુ ૧૦ મી ડિસેમ્બરના રોજ ઘરેથી સવારે સાત વાગ્યે દીકરી નીકળી ગયા પછી બપોરના બે વાગ્યા સુધી પરત નહીં આવતા ચારે બાજુ, સગા વહાલાઓને ત્યાં તપાસ કરવામાં આવી હતી, આમ છતાં દીકરીનો ક્યાંય પતો ન લાગતા આ બારાને માલવયા નગર પોલીસ સ્ટેશનમાં જાણ કરવામાં આવતા પોલીસે અજાણ્યા શખ્સ સામે અપહરણનો ગુનો નોંધે તપાસ શરૂ કરી છે.

કિશોર ભેદી રીતે ગુમ થઈ જતા આ બરાને ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનમાં જાણ કરવામાં આવી છે.

ધ સ્પેસ બિલ્ડીંગની પાછળ, સિગ્મા મશીન ટૂલ્સની બાજુમાં માધાપર ચોકડી, જામનગર રોડ પર રહેતા દામજીભાઈ દીપાભાઇ સિંહલા નામના કોળી યુવાને પોતાનો ૧૬ વર્ષ ૭ મહિનાની ઉંમર ધરાવતો પુત્ર અક્ષય તા. ૯ ના રોજ ઘરેથી સવારે આઠ વાગ્યાથી ગુમ થયાની ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનમાં જાણ કરી છે. પોલીસને આપેલી વિગતોમાં દામજીભાઈએ જણાવ્યું છે કે તેમના પત્નીએ અક્ષયને બીડી પીતા જોઈ જતા ઠપકો આપ્યો હતો અને ત્યારબાદ અક્ષય ઘરેથી ગુમ થઈ ગયો છે.

# સરકારી ઈજનેરી કોલેજ રાજકોટ (કણકોટ) ખાતે ગ્રેજ્યુએટ માટેની એપ્રેન્ટિસશિપ યોજાશે

## તા.૩૧ ડિસેમ્બર સુધીમા ઓનલાઈન રજિસ્ટ્રેશન કરી શકાશે

રાજકોટ મિરર, તા.૧૨

ભારત સરકારની નેશનલ એપ્રેન્ટિસ ટ્રેનિંગ સ્કીમ અને ગુજરાત સરકારની મુખ્યમંત્રી એપેન્ટિસશિપ યોજના અંતર્ગત કમિશ્નર ટેક્નિકલ શિક્ષણ કચેરી, ગાંધીનગર હેઠળની સરકારી કોલેજોમાં વિવિધ કામગીરી માટે યોગ્ય ઉમેદવારની એપ્રેન્ટિસ અંગેની પસંદગી થનાર છે.

જે અંતર્ગત સરકારી ઇજનેરી રાજકોટ ખાતે સીવીલ ઈજનેરી, કોમ્પ્યુટર ઈજનેરી, ઇલેક્ટ્રિકલ ઈજનેરી, મિકેનિકલ ઈજનેરી તથા લાઈબ્રેરી સાયન્સ જેવી પોસ્ટ માટે ગ્રેજ્યુએટ એપ્રેન્ટિસની પસંદગી થનાર છે. આ યોજનામાં સામેલ થઈ પસંદગી પામેલા એપ્રેન્ટિસને નિયમ મુજબ સ્ટાઈપેન્ડ ચુકવવામાં આવશે. આ એપ્રેન્ટિસશિપ પ્રક્રિયાનું રજીસ્ટ્રેશન તા. ૩૧ ડિસેમ્બર સુધીમાં ઓનલાઇન કરાવી શકાશે. આ એપ્રેન્ટિસશિપ અંગેની પ્રક્રિયા, નિયમો, લાયકાત તથા રજીસ્ટ્રેશન અંગેની માહિતી સંસ્થાની વેબસાઈટ **www.gecrajkot.ac.in** પર ઉપલબ્ધ છે. આ પ્રક્રિયાને લગતા કોઈપણ પ્રકારના માર્ગદર્શન માટે ઈમેલ આઈડી **apprentice georajkot ac in** અથવા મોબાઈલ નંબર - ૯૪૨૮૩૪૮૧૯૪ પર સંપર્ક કરી શકાશે.

# અપહૃત તરૂણીની ભાળ આપવા અંગે

રાજકોટ મિરર, તા.૧૨

રાજકોટનાના રહેવાસી મનસુખભાઈ ભીમજીભાઈ ઉકેડિયા (જાતે-કોળી)ની ૧૭ વર્ષીય દીકરીનું તા.૨૦ નવેમ્બર ૨૦૨૪ના રોજ સાંજના સાતેક વાગ્યાના અરસામાં આશરે ૪ કી.મી દૂર શંકર ટેકરી રેલનગર, સંતોષીનગર પાણીના ટાંકાની સામેથી અપહરણ થયેલ છે. આરોપી લલચાવી ફોસલાવી લગ્ન કરવાના ઈરાદે ભગાડી લઈ ગયો હોવાની બાતમી મળી છે. તેમના વિષે કોઈ જાણકારી મળે તો પ્ર.નગર પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

# જીવરાજપાર્કમાં મહિલાને સાસુ, સસરા અને પતિનો ત્રાસ

## સસરાએ રૂ. ૧૩ લાખની સહાય કરી છતાં ના સુધર્યો પતિ

રાજકોટ મિરર, તા.૧૨

સાધુવાસવાણી રોડ પર પાટીદાર ચોક વસંત વિહારમાં છેલ્લા અઢી વર્ષથી પિયરમાં રહેતી ખ્યાતિબેન (ઉ.વ.૪૦) ની પરિણીતાએ યુનિવર્સીટી પોલીસ સ્ટેશનમાં જીવરાજ પાર્કમાં આવેલ સાંનિધ્ય એવન્યુમાં રહેતા પતિ પ્રિતેશભાઇ, સસરા ચીમનભાઈ ભાલોડી, સાસુ ચંદ્રીકાબેન સામે ફરિયાદ નોંધાવી છે. વધુમાં ફરિયાદિએ જણાવ્યું છે કે, મારા લગ્ન વર્ષ ૨૦૧૫ માં પ્રિતેશ ચીમનભાઈ ભાલોડી સાથે થયેલ હતા. લગ્ન જીવન દરમિયાન ૭ વર્ષની પુત્રી છે, જે હાલ પતિ પાસે છે, લગ્ન સમયે પતિ વાવડીમાં આવેલી કીચ કંપનીમાં મેનેજર તરીકે નોકરી કરતા હતા.

બાદમાં પોતાને પ્રાઈવેટ ધંધો કરવો હોવાથી નોકરી મૂકી દીધી હતી અને સાતેક મહિના ઘરે બેઠા હતા. સસરા ચીમનભાઈ મેઈન પોસ્ટ ઓફિસમાં નોકરી કરતા હતા. પતિએ નોકરી મૂકી દેતા થોડો સમય ઘરની સ્થિતિ વિખેરાઈ હતી અને પતિને સ્પાનો ધંધો શરૂ કરવો હોવાથી મને કહ્યું હતું કે, તારા પપ્પાને કે મારે સ્પા નો ધંધો શરૂ કરવો છે માટે ૧૩ લાખની જરૂર છે, આથી મારા પિતાને વાત કરતા પતિને રૂ.૧૩ લાખ ધંધા માટે આપ્યા હતા.

થોડો સમય બાદ સ્પાના ધંધાનો કોન્ટ્રાકટર પૈસા લઈને જતો રહ્યો છે તેવું મને કહ્યું હતું. થોડો સમય પછી આફ્રિકાના મડાગાસ્કરમાં ધંધા માટે ચાલ્યા ગયા હતા. પાછળથી સાસુ ઘરકામ બાબતે ઝગડો કરતા અને મેણાંટોણાં મારતા હતા, આ બધું જોવા છતાં સસરા કાંઈ કહેતા ન હતા અને પતિ અને સાસુને સહયોગ આપતા હતા. પતિ એકાદ વર્ષ પછી મડાગાસ્કરથી પરત આવતા થોડો સમય સાથે રહ્યા બાદ હું અને પુત્રી પતિ સાથે મડાગાસ્કર ચાલ્યા ગયા હતા. ત્યાં ત્રણેક મહિના રોકાયા બાદ ફરી સાસરામાં રાજકોટ આવી હતી. ત્યારે પણ સાસુ નાની નાની વાતે ઝગડો કરતા હતા. ત્યારબાદ પિતરાઈ ભાઈ મડાગાસ્કર જતા હોઈ ત્યારે હું અને મારી પુત્રી ફરી મડાગાસ્કર જતા રહ્યા હતા. દરમિયાન પતિને અન્ય સ્ત્રી સાથે સબંધ હોવાનું અને પોતે જુગાર રમતા હોવાનું મોબાઇલમાંથી ખબર પડતા તેને આગળનો સંસાર ચલાવવો હોઈ તો આ બધું મૂકીને સુધરી જવા કહ્યું હતું.

મારી તબિયત પણ ખરાબ થઇ જતા મને કોઈ મેડિકલ ટ્રીટમેન્ટ અપાવી ન હતી. આથી વધુ તબિયત ખરાબ થઇ જતા મડાગાસ્કરથી રાજકોટ આવવા માટે પતિ પાસે પૈસા ન હતા. આથી ટિકિટના પૈસા મારા પિતાએ આપ્યા હતા અને મને પરત બોલાવી મારી સારવાર પિતાએ કરાવી હતી. સાસરી પક્ષના મારા પિયરમાં આવી પુત્રીને પોતાને રાખવી છે કહી લઇ ગયા હતા જે મારી સહમતીથી દીકરી આપી હતી. લગ્નજીવન દરમિયાન પતિ, સાસુ સસરાએ દુઃખ ત્રાસ આપ્યાનું જણાવતા પોલીસે પરિણીતાની ફરિયાદ પરથી પતિ, સાસુ, સસરા સામે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# CM રાજકોટમાં ૭૯૩ કરોડના કામોનું લોકાર્પણ-ખાતમુહૂર્ત

## કેન્દ્ર સરકારના સ્માર્ટ સિટી મિશન અંતર્ગત મનપા અટલ સ્માર્ટ સિટી સંકુલ સહિતના પ્રોજેક્ટના કામ ધરશે હાથ


રાજકોટ, તા. ૧૨

ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના વરદ હસ્તે આજે રાજકોટ મહાનગરપાલિકાના રૂ.૭૯૩.૪૫ કરોડના વિવિધ વિકાસ પ્રકલ્પોના લોકાર્પણ-ખાતમુહૂર્ત કાર્યક્રમ યોજાશે.કેન્દ્ર સરકારના સ્માર્ટ સિટી મિશન અંતર્ગત રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ટી.પી. સ્કીમ નં.૩૨(રૈયા)મા નિર્માણ કરેલ અટલ સ્માર્ટ સિટી સંકુલ સહિતના પ્રોજેકટના લોકાર્પણ-ખાતમુહૂર્ત કરવામાં આવશે.


આ કાર્યક્રમમાં રાજકોટ મહાનગરપાલિકાના પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત નિર્માણાધીન ૧.૫ ઇઇઊં ના ૧૦૧૦ આવાસ તેમજ રાજકોટ શહેરી વિકાસ સત્તા મંડળના ઊઠજ-૨ કેટેગરીના ખાલી ૨૧૦ આવાસ યોજનાના લાભાર્થીઓને આવાસ ફાળવણીનો કોમ્પ્યુટરાઈઝ્ડ ડ્રો કરવામાં આવશે.શહેરી ટ્રાન્સપોર્ટેશનમાં સી.એન.જી. ફ્યુઅલ આધારિત ૨૨ નવી બસ તથા ડ્રેનેજ વિભાગના ઉપયોગ માટે ખરીદ કરવામાં આવેલ ૭ નવા જેટીંગ મશીન વાહનોનું લોકાર્પણ (ફ્લેગ ઑફ) પણ આ કાર્યક્રમમાં કરવામાં આવશે.


સમગ્ર વિસ્તારમાં ડી.આઇ. પાઇપલાઇન નેટવર્ક, સ્માર્ટ મીટર, સ્કાડા સિસ્ટમ તથા ન્યુમેટીક પમ્પિંગ સિસ્ટમથી સજ્જ કોમ્પ્યુટરાઈઝ નેટવર્ક જેમાં વપરાયેલ વાલ્વ ઋીક્ષમરજ્ઞત કંપનીના ઉચ્ચ ગુણવતાવાળા વાપરવામાં આવેલ છે. જેના દ્વારા ૨૪ૡ૭ પોટેબલ વોટર સપ્લાયનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં ૩૩.૦૦ મિલયન લીટર કેપેસિટીનો ઋજીૡ૭ તથા પંપ હાઉસ બનાવવામાં આવેલ છે. તેમજ રીસાઈકલ્ડ વોટર માટે સ્માર્ટ સિટી વિસ્તારમાં હયાત ૫૬ ખકઉ કેપેસિટી એસ.ટી.પી.ના ટ્રીટેડ પાણીને ટર્શરી ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં શુધ્ધ કરી ભવિષ્યની વધારાની માંગને પહોચી વળવા રાજકોટ સ્માર્ટ સિટી દ્વારા ૮ ખકઉ કેપેસિટીના ટર્શરી ટ્રીટમેન્ટ પ્લાન્ટ, રીસાયકલ વોટર રીઝર્વોયર (સમ્પ) ૨૩.૦૦ મિલિયન લીટર કેપેસિટી તથા રિસાયકલ્ડ પાણીના નેટવર્કનું કામ કરવામાં આવેલ છે.











### લોકાર્પણના કામો (કુલ રકમ રૂ.૫૬૯.૧૯ કરોડ)

ભારત સરકારની સ્માર્ટ સિટી યોજના અંતર્ગત ટી.પી.સ્કીમ નં.૩૨(રૈયા) વિસ્તારમાં અઈઉ હેઠળ નિર્માણ કરવામાં આવેલ રોબસ્ટ ઇન્ફ્રાસ્ટ્રક્ચરના કામો (રકમ રૂ.૫૬૫.૧૧ કરોડ) . સિટી બસ સેવામાં નવા રૂટ શરૂ કરવા તેમજ ટ્રાફિકવાળા રૂટમાં વધારાની બસ શરૂ કરવા, એમ કુલ ૨૨ નવી સી.એન.જી. ફ્યુઅલ આધારિત બસ શરૂ કરવા ફ્લેગ ઑફ.ડ્રેનેજ વિભાગના ઉપયોગ માટે ૮૦૦૦ લિ.કેપેસિટીના નવા ખરીદ કરવામાં આવેલ ૭ નંગ જેટીંગ મશીન વાહનોનું લોકાર્પણ (ફ્લેગ ઑફ) (રકમ રૂ.૩.૭૩ કરોડ). પ્રદ્યુમન પાર્ક ઝુ ખાતે ત્રણ કેન્ટીનના બિલ્ડીંગમાં કરવામાં આવેલ રીનોવેશન કામ(રકમ રૂ.૩૫ લાખ)

### ખાતમુહૂર્તના કામો (કુલ રકમ રૂ.૨૨૪.૨૬ કરોડ)

બાંધકામ વિભાગને લગત કામો (કુલ ૨૬ કામ, રકમ રૂ.૬૭.૭૬ કરોડ) , ડ્રેનેજ નેટવર્કને લગત કામો (કુલ ૭ કામ, રકમ રૂ.૪૪.૫૦ કરોડ), વોટર વર્કસ નેટવર્કને લગત કામો (કુલ ૬ કામ, રકમ રૂ.૨૩.૮૪ કરોડ), રોડ-ડામર કામ તથા ડિવાઈડર-સેન્ટ્રલ લાઈટીંગ લગત કામો (કુલ ૧૫ કામ, રકમ રૂ.૮૩.૩૮ કરોડ) , સાધન ખરીદી (કુલ ૨ કામ, રકમ રૂ.૪.૭૮ કરોડ)

### રોબસ્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર

રોબસ્ટ ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ ઈ.પી.સી.(એન્જીનીયરીંગ પ્રોક્યુરમેન્ટ કન્સ્ટ્રકશન) કોન્ટ્રાક્ટ હેઠળ પાંચ વર્ષના ઓપરેશન એન્ડ મેઈન્ટેનન્સ સાથે કુલ રૂ.૫૬૫.૧૧ કરોડના ખર્ચે મંજુર થયેલ છે. જેમાં રોડ નેટવર્ક, બી.આર.ટી.એસ. કોરીડોર તથા બસ સ્ટોપ, સ્માર્ટ લાઈટિંગ, ૨૪ૡ૭ વોટર સપ્લાય, યુટિલિટી ડ્ક્ટ, સ્ટોર્મ વોટર, સીવરેજનો સમાવેશ થયેલ છે.અટલ સ્માર્ટ સિટી સંકુલ ૯૩૦ એકરના વિસ્તારમાં ટાઉન પ્લાનિંગ સ્કીમ નં.૩૨(રૈયા) પ્રારંભિક મંજુર કરેલ છે. લેન્ડ પુલિંગ ટેકનિક અંતર્ગત રાજકોટ મહાનગરપાલિકાને જુદા જુદા અનામત હેતુના કુલ ૫૦ પ્લોટોનું ક્ષેત્રફળ ૨૮,૪૬,૨૧૬ ચો.મી. જમીન પ્રાપ્ત થાય છે. રહેણાંક વહેચાણ હેતુના ૪ અનામત પ્લોટોનું ૪૮,૬૪૮ ચો.મી. જમીન પ્રાપ્ત થાય છે. તેમજ વાણિજય વેચાણ હેતુ માટે ૬ પ્લોટો ૯૦,૯૫૬ મળી, કુલ ૧,૩૯,૬૦૪ ચો.મી. જમીન મહાનગરપાલિકાને પ્રાપ્ત થાય છે. જેને ભવિષ્યમાં હરરાજીથી વેચાણ કરી, આવક ઉભી થઈ શકશે.

### ગ્રીન ફિલ્ડ એરિયા બેઈઝ્ડ ડેવલપમેન્ટ પ્રોજેક્ટની ખાસિયત

તમામ યુટિલિટી જેવી કે, ડ્રેનેજ વોટર સપ્લાય ચેમ્બર્સ, ડ્રેનેજ મેનહોલ કેરેજ-વે (ડામર રસ્તા)મા આવતા ન હોઈ, ભવિષ્યમાં ઘખ ખર્ચમાં ઘટાડો થશે તથા સિટીઝન સર્વિસીબીલીટી સારી થશે. ટી.પી. રોડ નેટવર્કમાં તમામ યુટિલિટી સર્વિસ રસ્તાના કેરેજ-વે ની બહાર હોઈ, રસ્તા વારંવાર ખોદાણ કરવાનું થશે નહિ જેથી રસ્તાઓ ડીઝાઇન પીરીયડ મુજબ ટકાઉ રહેશે વિશેષમાં આ રસ્તાઓમા હાયર ગ્રેડ ડામર ટ્ગ્ર્-૪૦ નો ઉપયોગ કરવામા આવેલ છે. સમગ્ર સ્માર્ટ સિટી વિસ્તારમાં સ્ટોર્મ વોટર નેટવર્ક નાખેલ હોય વરસાદી પાણીનું ટીપે ટીપું સ્ટોર્મ વોટર ચેનેલાઈન્ઝડ નેટવર્ક દ્વારા કેચમેન્ટ એરિયા આધારિત તળાવ-૧(અટલ સરોવર), ૨ તથા ૩ માં જળ સંચય થાય છે.

# ગોપાલ નમકીનને આગથી કરોડોનું નુકસાન

## રાજકોટની માંગને પહોંચી વળવા મોડાસા અને નાગપુર ખાતે ઉત્પાદન આવશે વધારવામાં : સાત મહિના જેટલો સમય રાજકોટ યુનિટને શરૂ થતા લાગે તેવી સંભાવના

રાજકોટ, તા. ૧૨

મેટોડા ખાતા આવેલી ગોપાલ નમકીન ફેક્ટરીમાં શોર્ટ સર્કિટના કારણે આગ લાગી હતી જેના પર મૂડી રાત્રે આગ પર કાબુ મેળવવામાં આવ્યો હતો સારી વાત એ છે કે આ દુર્ઘટનામાં કોઈ પણ પ્રકારની જાનહાનિ થઈ નથી પરંતુ કંપનીને ખૂબ મોટું નુકસાન પહોંચ્યું છે મળતી માહિતી મુજબ આશરે ૨૫ કરોડ રૂપિયાનું નુકસાન થયું હોવાની હાલ પ્રાથમિક વિગત સામે આવી છે. બીજી સૌથી મોટી વાત એ છે કે મેટોડા યુનિટ માં આગના કારણે જે નુકસાની થઈ છે તેનાથી તમામ મશીનરીઓ પણ ખતમ થઈ ચૂકી છે ત્યારે ફરી આ યુનિટને શરૂ થતા આશરે છ થી સાત મહિના જેટલો માધબર સમય લાગી શકે તેમ છે બીજી તરફ જે લાખોકીલો ફરસાણનું ઉત્પાદન થતું હતું તે પણ ગઈકાલથી ઠપ થઈ ગયું છે.



ગોપાલ નમકીન ના પેકિંગ યુનિટમાં શોર્ટ સર્કિટ થવાથી આગ લાગી હતી અને ગણતરીની મિનિટોમાં જ વિકરાળ રૂપ ધારણ કર્યું હતું ત્યારે આગ કાબુમાં ન આવતા મેજર કોલ જાહેર કરી દેવામાં આવ્યો હતો જેથી રાજકોટ મેટોડા ગોંડલ સાપર જામનગર ધોરાજી અને ઉપલેટા થી આશરે કુલ ૧૫થી વધુ ફાયર ફાઈટર બોલાવવામાં આવ્યા હતા અને આશરે બે લાખ લીટર પાણીનો મારો ચલાવી ૯ થી ૧૦ કલાક ની તથા પરિશ્રમ બાદ આગ પર કાબુ મેળવવામાં આવ્યો હતો. આગની દુર્ઘટના ના પગલે ગઈ કાલ સવારે શેર બજારમાં પણ ગોપાલ સ્નેક્સનો શેર આઠ ટકા જેટલો ગગડીયો અને અંતે ૪૨૦ રૂપિયા પહોંચ્યો હતો. મશીન સાતો સાત માલને ઘણું નુકસાન પહોંચ્યું છે પરંતુ સદ્નસીબે કોઈ જાનહાની થઈ નથી ત્યારે રાજકોટ યુનિટની હાલની સ્થિતિના પગલે મોડાસા અને નાગપુરમાં પ્રોડક્શન વધારવામાં આવશે અથવા તો જે પોતાના લક્ષ્યાંકને પહોંચી વળવા માટે કંપની અન્ય જગ્યા પર ઉત્પાદન કરાવે તો પણ નવાઈ નહીં.

પ્રાથમિક માહિતી ને ધ્યાને લઈ જ્યારે બનાવ બન્યો ત્યારે ફેક્ટરીમાં ૪૦૦ શ્રમિકો તથા કર્મચારીઓ હતા ત્યારે આગે જ્યારે વિકરાળ રૂપ ધારણ કર્યું ત્યાંથી ૨૦૦ મહિલા કર્મીઓ ને તાકીદે બહાર કાઢવામાં આવી હતી જેથી કોઈપણ પ્રકારની જાનહાનિ થઈ નહીં. મળતી માહિતી મુજબ ગોપાલ નમકીન કંપની આશરે ૧૨ વીઘા જમીન ઉપર પથરાયેલી છે ૧૯૯૪ માં આ ફેક્ટરી ની શરૂઆત થઈ હતી જ્યારે હાલ અત્યારના ફેક્ટરીમાં ઉત્પાદન પેકિંગ ઓફિસ અને કર્મચારીઓ માટે હોસ્ટેલની વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે હાલ જે નુકસાન થયું છે તેને લઈને ઈન્સ્યોરન્સ કંપની સાથે પણ વાત ચાલુ કરી દેવાય છે ત્યારે ગણતરીના દિવસોમાં રાજકોટ ઓપરેશન ફરી વખત શરૂ થાય તેવી હાલ ચર્ચા એ જોડ પકડ્યું છે પરંતુ સંપૂર્ણ ઓપરેશન શરૂ થતા ૬ થી ૭ મહિના જેટલો માતબર સમય લાગી શકે છે.

### જમ્મુ અને કાશ્મીર, આસામ, મહારાષ્ટ્ર, ઉત્તર પ્રદેશ અને ગુજરાતમાં ૧૯ સ્થળોએ સર્ચ દસ્તાવેજો, ઈલેક્ટ્રોનિક ઉપકરણો, પેમ્ફલેટ્સ અને સામયિકો સહિતના મહત્ત્વના પુરાવા મળ્યા

# સાણંદમાં જૈશ-એ-મોહમ્મદનું મોડ્યુલ NIAની ઝપટે

રાજકોટ, તા. ૧૨

નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી (ગઈઅ) એ ગુજરાતની અમદાવાદ ગ્રામ્ય પોલીસ સાથે મળીને આતંકવાદી સંગઠન જૈશ-એ-મોહમ્મદના મોડ્યુલને પકડી પાડ્યું છે. ગઈઅએ પોલીસની મદદથી આદિલ વેપારી નામના વ્યક્તિની ધરપકડ કરી છે. જૈશ-એ-મોહમ્મદના કટ્ટરપંથી મોડ્યુલને તોડી પાડવા માટે તપાસ એજન્સીએ બુધવારે દેશના પાંચ રાજ્યોમાં દરોડા પાડ્યા હતા. પોલીસના જણાવ્યા અનુસાર ગઈઅ અને પોલીસની કાર્યવાહીમાં ઝડપાયેલો આદિલ વેપારી નામનો વ્યક્તિ વિરમગામનો રહેવાસી છે. વિરમગામ અમદાવાદમાં જ આવે છે. તે સાણંદ તાલુકાના ચેખલા ગામે મદરેસા અને મસ્જિદમાં નોકરી કરતો હોવાનું પણ સામે આવ્યું છે. પોલીસના જણાવ્યા અનુસાર, આ શકમંદ એક ઓનલાઈન કટ્ટરપંથી જૂથનો સભ્ય છે. ગુજરાતમાં આ પહેલા પણ સુરક્ષા એજન્સીઓએ અન્ય આતંકવાદી સંગઠનો સાથે જોડાયેલા શકમંદોની ધરપકડ કરી છે.

નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી (ગઈઅ) એ આજે સવારે જમ્મુ અને કાશ્મીર, આસામ, મહારાષ્ટ્ર, ઉત્તર પ્રદેશ અને ગુજરાતમાં ૧૯ સ્થળોએ સર્ચ શરૂ કર્યું હતું. આ ઓપરેશન પાકિસ્તાન સ્થિત પ્રતિબંધિત આતંકવાદી જૂથ જૈશ-એ-મોહમ્મદ સાથે જોડાયેલી કટ્ટરપંથી પ્રવૃત્તિઓ અંગે ચાલી રહેલી તપાસનો એક ભાગ છે. ગુજરાતના સાણંદમાં સર્ચ કરવામાં આવી રહ્યું હોવાનું જાણવા મળે છે.

આ શોધ ધરપકડ કરાયેલ શંકાસ્પદ વ્યક્તિની પૂછપરછ અને ઑક્ટોબરની શરૂઆતમાં જેમની મિલકતોની શોધખોળ કરવામાં આવી હતી તે વ્યક્તિઓ વિરુદ્ધના પુરાવાઓનું વિશ્લેષણ કરીને મેળવેલી માહિતી પર આધારિત હતી. ગઈઅ એ ખુલાસો કર્યો કે શકમંદો જૈશ-એ-મોહમ્મદ સાથે સંકળાયેલા લોકોને કટ્ટરપંથી બનાવવા, આતંકવાદી પ્રચાર ફેલાવવા અને જૈશ-એ-મોહમ્મદથી પ્રભાવિત જમાત સંગઠનમાં યુવાનોની ભરતી કરવામાં સામેલ હતા.

આ કાર્યવાહી અગાઉની કાર્યવાહીને અનુસરે છે જેમાં આસામ, મહારાષ્ટ્ર, ઉત્તર પ્રદેશ, દિલ્હી અને જમ્મુ અને કાશ્મીરમાં ૨૬ સ્થળોએ દરોડા પાડીને શેખ સુલતાન સલાહુદ્દીન અયુબીની ધરપકડ કરવામાં આવી હતી. અગાઉની શોધમાં અનેક લોકોની પૂછપરછ માટે અટકાયત કરવામાં આવી હતી અને દસ્તાવેજો, ઈલેક્ટ્રોનિક ઉપકરણો, પેમ્ફલેટ્સ અને સામયિકો સહિતના મહત્ત્વના પુરાવા મળ્યા હતા.

### ઠેકઠેકાણે આવાસ ક્વાર્ટર, અવાવરૂ સ્થળોએ ક્રાઇમ બ્રાંચ, એલસીબી, ડીવીઝનની ટીમોએ ત્રાટકી તપાસ કરી

# અસામાજીકોને ડામવા પોલીસ મેદાનેઃ મધરાતે દરોડા-ચેકીંગ

## ત્રેવીસ જેટલા શકમંદોને ચકાસવામાં આવ્યાઃ અઢાર સ્થળે નીલ રેઇડ થઇ : હવે ગમે ત્યારે પોલીસ ત્રાટકશે

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર તા. ૧૨**

શહેરમાં સરાજાહેર લુખ્ખાગીરીની ઘટનાઓ વધી ગઇ હોઇ અને બીજી ગુનાખોરી પણ વધી હોવાથી અસામાજીકોને કાબુમાં લેવા પોલીસ મેદાને આવી છે. તે અંતર્ગત પાસા, ઓચીંતા ચેકીંગ સહિતની કાર્યવાહી શરૂ થઇ છે. રાત્રીના અચાનક જ પોલીસની ટીમો કોઇપણ સ્થળે ચેકીંગ કરવા પહોંચી રહી છે. અગાઉ પોલીસ ચોપડે ચડી ચુકેલાઓને ઘરે જઇને ચેક કરવાનું શરૂ થયું છે. તે અંતર્ગત ગત રાતે ઓચીંતા અલગ અલગ સ્થળોએ ટીમો ત્રાટકી હતી અને ચેકીંગ કર્યુ હતું. જેમાં ત્રેવીસ શકંમંદોને ચકાસ્યા હતાં અને અઢાર નીલ રેઇડ થઇ હતી.

કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઇ રહે અને અસામાજીક તત્વોનું દૂષણ દૂર થાય તે માટે કડક કાર્યવાહી કરવા પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી મહેન્દ્ર બગડીયાએ સુચના આપતાં ડીસીપી ક્રાઇમ ડો. પાર્થરાજસિંહ ગોહિલ દ્વારા ખાસ ડ્રાઇવનું આયોજન કરાયું હતું. જેમાં ક્રાઇમ બ્રાંચ, માલવીયાનગર, બી-ડિવીઝન, પ્ર.નગર, યુનિવર્સિટી પોલીસ, એલસીબી ઝોન-૧, ઝોન-૨ની ટીમોએ પોતાના વિસ્તારોમાં આવેલા આવાસ ક્વાર્ટર, અવાવરૂ સ્થળો પર ખાસ ચેકીંગ કર્યુ હતું. જેમાં ગોકુલધામ ક્વાર્ટર, સ્માર્ટ ઘર, રાજ્યગુરૂ ટાઉનશીપ, પોપટપરા, પ્રેમમંદિર પાછળ તેમજ અવાવરૂ સ્થળોએ ચેકીંગ કરાયું હતું. ૧૮ નીલ રેઇડ કરવામાં આવી હતી. જ્યારે ૨૩ શકમંદોને તપાસવામાં આવ્યા હતાં. ક્રાઇમ બ્રાંચના પોલીસ ઇન્સ્પેક્ટર એમ. આર. ગોંડલીયા, પોલીસ ઇન્સ્પકટર એમ. એલ. ડામોર, પીએસઆઇ એમ. કે. મોવલીયા, એલસીબી ઝોન-૧, ઝોન-૨નો સ્ટાફ પણ જોડાયો હતો.





**વધુ એક માથાભારેને કરી દેવાયો જેલહવાલે મારામારીમાં સામેલ ભગત સામે પાસાનું શસ્ત્ર**

બીજી તરફ ગુનેગારો સામે પાસાના શસ્ત્ર ઉગામવાનું યથાવત રખાયું છે. વધુ એક છાપેલા કાટલાને પાસા હેઠળ જેલ ભેગો કરીદેવાયો છે. મારામારીના ગુનાઓમાં સામેલ વધુ એક શખ્સને પાસા તળે જેલમાં ધકેલી દેવામાં આવ્યો છે. હસનવાડી-૨ પીપળીયા હોલ પાસે રહેતાં રવિ ઉર્ફ ભગત કિશોરભાઇ ચાવડીયાને સુરત જેલમાં ધકેલવા પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝાએ વોરન્ટ ઇશ્યુ કર્યુ હતું. ચોવીસ વર્ષના રવિ ઉર્ફભગત વિરૂધ્ધ ભક્તિનગર પોલીસમાં મારામારી સહિતના ૬ ગુના નોંધાયા હતાં.

જેમાં ત્રિશુલ ચોકમાં ખુની હુમલો સહિતના ગુનાઓ સામેલ છે. જેસીપી મહેન્દ્ર બગડીયા, ડીસીપી જગદીશ બાંગરવા, એસીપી બી. વી. જાધવના માર્ગદર્શનમાં પાસાની દરખાસ્ત તૈયાર કરવામાં આવી હતી. જે મંજુર થઇ હતી. ભક્તિનગર પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેક્ટર મયુરધ્વજસિંહ એમ. સરવૈયા, પીઆઇ એમ. આર. ગોંડલીયા, પીએસઆઇ એમ. એન. વસાવા, એએસઆઇ નિલેષભાઇ મકવાણા, હેડકોન્સ. હિતેન્દ્રસિંહ ઝાલા, કિશનભાઇ પાંભર, કોન્સ. અરજણભાઇ પરમાર, દિવ્યરાજસિંહ ઝાલા અને હોમગાર્ડ હાર્દિકભાઇ પીપળીયા તથા પીસીબીના રાજુભાઇ દહેકવાલ તથા ઇન્દ્રજીતસિંહ સિસોદીયાએ વોરન્ટ બજવણી કરી હતી. ગઇકાલે પણ એક ભાદા સોલંકી નામના રીઢા ગુનેગારને પાસા તળે જેલમાં ધકેલાયો હતો.